| | | |
|---|---|---|
| GJPM040009532014 | દાખલ તારીખ: | ૦૪/૦૩/૨૦૧૪ |
| | રજીસ્ટ્રેશન તારીખ: | ૦૪/૦૩/૨૦૧૪ |
| | ફિસલ તારીખ: | ૦૫/૦૩/૨૦૨૬ |
| | સમયગાળો | વર્ષ માસ દિવસ |

**આંક –**

**ફોર્મ – એ**

<table>
<tr><td colspan="2">હાલોલના મહે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. હાલોલ<br>જજમેન્ટ આપ્યા તારીખ ૦૫/૦૩/૨૦૨૬<br>ક્રિમીનલ કેસ નં. ૬૬૨/૨૦૧૪<br>હાલોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ. ર. નં. ૧૪૫/૨૦૧૩<br>ઇ.પી.કોડની કલમ – ૪૬૫, ૪૭૧ તથા ૧૧૪ મુજબનો</td></tr>
<tr><td>ફરીયાદી</td><td>સ્ટેટ ઓફ ગુજરાત</td></tr>
<tr><td>ફરીયાદી તર્ફે</td><td>વિ.એ.પી.પી.શ્રી વી.ડી.ભટ્ટ</td></tr>
<tr><td>આરોપીઓ</td><td>(૧) ફરાઇમ ઐયુબ અબ્દુલગની પાતળીયા<br>રહે. મેદા પ્લોટ, અબુબકર મસ્જીદની સામે,<br>ગોધરા, તા. ગોધરા, જી. પંચમહાલ.<br>(૨) મહંમદ રફીક એહમદ દેડકી<br>રહે. મેદા પ્લોટ, અબુબકર મસ્જીદની સામે,<br>ગોધરા, તા. ગોધરા, જી. પંચમહાલ.</td></tr>
<tr><td>આરોપીઓ તર્ફે</td><td>વિ.વ.શ્રી કે.ડી.મલેક</td></tr>
</table>

## ફોર્મ – બી

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૧/૦૭/૨૦૧૩ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૧/૦૭/૨૦૧૩ |
| ચાર્જશીટની તારીખ | ૦૪/૦૩/૨૦૧૪ |
| પ્લી/તહોમતનામું ઘડ્યાની તારીખ | ૨૭/૧૦/૨૦૧૬ |
| પુરાવો લેવાનું શરૂ કર્યાની તારીખ | ૩૦/૧૨/૨૦૧૬ |
| જજમેન્ટ આપવાની નક્કી કરેલ તારીખ | ૦૫/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૦૫/૦૩/૨૦૨૬ |
| સજાનો ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | ૦૫/૦૩/૨૦૨૬ |

## આરોપીની વિગતો

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર મુક્ત કર્યા તારીખ | ગુનાઓના આરોપસર | સજા/નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ. પ્રો. કોડની કલમ – ૪૨૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ફરાઇમ ઐયુબ અબ્દુલગની પાતળીયા | ૧૩/૦૧/૨૦૧૪ | ૧૩/૦૧/૨૦૧૪ | ઇ.પી.કોડની કલમ – ૪૬૫, ૪૭૧, ૧૧૪ | સજા | આખરી હુકમ મુજબ | |
| (૨) | મહંમદ રફીક એહમદ દેડકી | ૧૧/૦૭/૨૦૧૩ | ૧૨/૦૭/૨૦૧૩ | | સજા | આખરી હુકમ મુજબ | |

# ફોર્મ – સી

## (એ) ફરીયાદપક્ષના સાક્ષી

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| PW1 | પારેખ મયુરકુમાર શાંતિલાલ | ફરીયાદી | ૧૯ |
| PW2 | જીતેન્દ્ર મગનલાલ ભગત | પંચ સાહેદ | ૪૯ |
| PW3 | આશિષકુમાર કનૈયાલાલ શાહ | પંચ સાહેદ | ૫૨ |
| PW4 | કૃણાલભાઇ રમેશભાઇ સુથાર | સાહેદ | ૫૮ |
| PW5 | પરેશકુમાર ભગવાનદાસ પટેલ | સાહેદ | ૬૧ |
| PW6 | સંગ્રામસિંહ છત્રસિંહ ચૌહાણ | સાહેદ | ૬૪ |
| PW7 | વિરેન્દ્રસિંહ દિલીપસિંહ મંડોરા | સાહેદ | ૬૫ |
| PW8 | અશરફભાઇ હુસેનભાઇ ચાંદા | પંચ સાહેદ | ૭૩ |
| PW9 | મહેશભાઇ બવનજીભાઇ વાછાણી | તપાસ કરનાર અમલદાર | ૮૧ |
| PW10 | કનુભાઇ હેમાભાઇ બારીયા | સાહેદ | ૮૫ |

## (બી) આરોપીપક્ષના સાક્ષી

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| DW1 | – | – | – |
| DW2 | – | – | – |

## (સી) કોર્ટના સાક્ષી

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| CW1 | – | – | – |
| CW2 | – | – | – |

## (એ) ફરીયાદપક્ષ તર્ફે આંક પાડેલ દસ્તાવેજો

| નંબર | આંકના નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૩૯ | આરોપી મહંમદ રફીક એહમદ દેડકીના ફોટાવાળી રીસીપ્ટની ઝેરોક્ષ |
| ૨ | ૪૦ | આરોપી ફરાઈમ પાતળીયાના ફોટાવાળી ફરીયાદીએ ઓનલાઈન કાઢેલ રીસીપ્ટ |
| ૩ | ૪૧ | ફોર્મ નં. ૪(અ) તથા ફોર્મ નં. ૪(બ) |
| ૪ | ૪૨ (ટેન્ટેટીવ) | આરોપી મહંમદ રફીક એહમદ દેડકીનું ફરીયાદી રૂબરૂનું કબુલાતનામું |
| ૫ | ૪૩ | ખંડ નિરીક્ષક કૃણાલભાઈ સુથારનું ફરીયાદી રૂબરૂનું નિવેદન |
| ૬ | ૪૪ (ટેન્ટેટીવ) | ઓ.એમ.આર. શીટની ઝેરોક્ષ |
| ૭ | ૪૫ | સાહેદ પરેશભાઈ પટેલનાઓનું ફરીયાદી રૂબરૂનું નિવેદન |
| ૮ | ૪૬ | ફરીયાદીએ કરેલ સ્થળ પરનું રોજકામ |
| ૯ | ૪૭ | હાલોલ પોલીસ સ્ટેશનમાં આપેલ અરજી |
| ૧૦ | ૪૮ | ફરીયાદની ઝેરોક્ષ |

| | | |
|---|---|---|
| ૧૧ | ૫૦ | આરોપી મહંમદ રફીક એહમદ દેડકી પાસેથી કબજે કરેલ ફોટાનું પંચનામું |
| ૧૨ | ૫૧ | આરોપી મહંમદ રફીક એહમદ દેડકી પાસેથી કબજે કરેલ ફોટો |
| ૧૩ | ૫૨ | આંક – ૩૯ થી ૪૬ વાળા દસ્તાવેજો કબજે કર્યાનું પંચનામું |
| ૧૪ | ૬૬ | અસલ ફરીયાદ |
| ૧૫ | ૬૭ | ફરીયાદીને સી.આર.પી.સી. કલમ – ૧૬૦ મુજબ પાઠવેલ સમન્સ |
| ૧૬ | ૭૪ | આરોપી ફરાઇમ ઐયુબ પાતળીયાનું અટક પંચનામું |
| ૧૭ | ૮૨ | આરોપી મહંમદ રફીક એહમદ દેડકીનું અટક પંચનામું |
| ૧૮ | ૮૩ | ફરીયાદીએ હાલોલ પો.સ.ઇ.શ્રીને લખેલ ફોરવર્ડીંગ લેટર |
| ૧૯ | ૮૬ | ડેપ્યુટ હુકમ |

## (બી) આરોપીપક્ષ તર્ફે આંક પાડેલ દસ્તાવેજો

| નંબર | આંકના નંબર | વિગત |
|---|---|---|
| ૧ | – | – |
| ૨ | – | – |

## (સી) કોર્ટ તર્ફે આંક પાડેલ દસ્તાવેજો

| નંબર | આંકના નંબર | વિગત |
|---|---|---|
| ૧ | – | – |
| ૨ | – | – |

## (ડી) મહત્ત્વની વસ્તુઓ

| નંબર | મહત્ત્વની વસ્તુઓના નંબર | વિગત |
|---|---|---|
| ૧ | MO 1 | ફોટો |
| ૨ | MO 2 | દસ્તાવેજી કાગળો |

## ચુકાદો

(૧) સદર કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૧૧/૦૭/૨૦૧૩ ના કલાક ૧૦/૩૦ વાગે વી.એમ.શાહ ગુજરાતી મીડીયમ સ્કુલ બ્લોક નં. ૧૭ હાલોલ ખાતે ગુજરાતી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ પરીક્ષા વિભાગ વડોદરા ખાતેથી પુરક પરીક્ષા જુલાઇ, ૨૦૧૩ માં ગુજરાતી વિષયનું પેપરમાં બેઠક નં. ૬૧૧૩૭૬ ઉપર દેડકી મહંમદ રફીક અહેમદનાઓ બેસી જેણે પોતાનો ફોટો ચોંટાડી પાતળીયા ફરાઇમ ઐયુબની જગ્યાએ ડમી વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપતા દેડકી મહંમદ રફીક અહેમદનાનો ડમી વિદ્યાર્થી વ્યક્તિનાનો પોતે ડમી વિદ્યાર્થી છે તે હોવાનું જાણવા છતા ખોટી રીસીપ્ટ ઊભી કરી જે રીસીપ્ટની પરીક્ષા આપવા સારૂ ઉપયોગ કરી પકડાયેલ બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ઇ.પી.કોડની કલમ – ૪૬૫, ૪૭૧ તથા ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોય, ગુનો નોંધી ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારે તપાસ કરતા હાલના કામના આરોપીઓ વિરૂદ્ધ પુરતો

પુરાવો જણાઇ આવતા આરોપીઓ વિરૂદ્ધ આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ઇનસાફી નિકાલ સારૂ રજુ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આરોપીઓને સમન્સ/વોરંટ ઇશ્યુ કરતા સમન્સ/વોરંટની બજવણી થતા આરોપીઓ અત્રેની અદાલતમાં હાજર થયેલ છે અને આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૦૭ મુજબ વિના મુલ્યે ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ સામેનો ગુનો વોરંટ ટ્રાયેબલ હોય મારા પુરોગામીશ્રીએ આંક – ૧૫ થી તહોમતનામું ફરમાવી આંક – ૧૬, ૧૭ થી આરોપીઓના નિવેદન નોંધેલ છે, જેમાં આરોપીઓએ હાલના ગુના કરેલ હોવાનો ઇનકાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ અને સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે. સદર કામે આંક–૧૫ વાળુ તહોમતનામું વંચાણે લેતા તેમાં બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી તેવા શબ્દો સ્પષ્ટપણે લખેલ હોય તેવા સંજોગોમાં આરોપીઓ સામે ઇ.પી.કો.કલમ–૧૧૪ મુજબનો ચાર્જ ફ્રેમ કરેલ હોવાનુ માનવાને કારણ છે, જેથી આંક–૧૫ માં કલમ–૧૧૪ નો ઉલ્લેખ શરતચુકથી રહી ગયેલ હોય તેવુ ફલીત થાય છે જેથી હાલના કામે ચાર્જ અલટર કરવાની જરૂરીયાત નથી.

(૩) સદર કામે ફરીયાદપક્ષ તર્ફે ફોર્મ – સી માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે. સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૩ મુજબનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી પોતે બચાવના સાહેદો તપાસવા નથી તથા સોગંદ પર જુબાની આપવી નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે તેઓ તદ્દન નિર્દોષ છે અને આવો કોઇ ગુનો તેઓએ કરેલ નથી અને કોઇ કબુલાત પણ કરેલ નથી અને તેઓ સામે કોઇ પુરાવો ન હોવાછતા ખોટું ચાર્જશીટ કરી હાલની ખોટી ફરીયાદ કરેલ છે તથા તેઓ સામે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને તહોમતનામા મુજબની હકીકતો ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે અને તેઓ સામે ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો કોઇ ગુનો કરેલ નથી અને સદર

ગુનાના કામે પરીક્ષા આપી તેનું રીઝલ્ટ મેળવેલ હોય તેવું બનેલ નથી તેમજ તેઓના હેન્ડરાઈટીંગ અંગે હેન્ડ રાઈટીંગ એક્સપર્ટનો કોઈ રીપોર્ટ કે અભિપ્રાય મંગાવવામાં આવેલ નથી જેથી તેઓએ કોઈ લખાણ કે કબુલાત કરેલ નથી તેમજ અસલ રીસીપ્ટ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી અને ડુપ્લીકેટ રીસીપ્ટ ક્યાં બનાવી તેવું પણ રેકર્ડ ઉપર આવેલ નથી, તેથી તેઓએ કોઈ ડુપ્લીકેટ રીસીપ્ટ બનાવેલ નથી કે ડમી સ્ટુન્ડટ તરીકે તેઓની કોઈ હાજરી નથી અને ક્લાસરૂમમાં સી.સી.ટી.વી. કેમેરા લાગેલ હોવા છતા ફરીયાદપક્ષે રજુ કરેલ નથી કે ત.ક. અમલદારે કબજે કરેલ નથી કારણ કે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબની કોઈ હકીકત મળી આવતી ન હતી અને ફરીયાદીએ OMR sheet, હોલ ટીકીટ, લેખિત નિવેદન ક્યાં રજુ કરેલ છે તે હકીકત શંકા ઉભી કરેલ છે આ તમામ હકીકતોની વિસંગતા ધ્યાને લેવા તથા <u>તેઓ ડમી ઉમેદવાર તરીકે પરીક્ષા આપવા માટે બેઠેલ નથી કે કોઈ પરીક્ષા આપેલ નથી તેમજ સદર પરીક્ષાનું કોઈ રીઝલ્ટ મેળવેલ નથી કે તેનો કોઈ બનાવટી દસ્તાવેજ બનાવેલ નથી કે તેનો કોઈ ઉપયોગ કરવામાં આવેલ નથી</u> અને આ તમામ હકીકતોને ધ્યાને લઈ તેઓને સદર ગુનાના કામે ખોટી રીતે સંડોવી દીધેલ હોય ફરીયાદ મુજબનો કોઈ ગુનો બનતો ન હોય તેમ છતા ખોટી દિશામાં તપાસ કરી ખોટુ ચાર્જશીટ તેઓ સામે કરેલ હોય દયા કરી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

(૪) સદર કામે વિ.એ.પી.પી.શ્રી વી.ડી.ભટ્ટની રજુઆત છે કે, હાલના કામે ફરીયાદીની જુબાની તથા કૃણાલભાઈની જુબાનીથી આરોપી મહંમદ રફીક એહમદ દેડકી આરોપી ફરાઈમની જગ્યાએ તા. ૧૧/૦૭/૧૩ ના રોજ વી.એમ.શાહ સ્કુલમાં ગુજરાતીનું પેપર આપવા ગયેલ અને તે માટે આરોપીઓએ એકબીજાની મદદગારી કરી આરોપી ફરાઈમની રીસીપ્ટ પર આરોપી મહંમદ રફીક એહમદ દેડકીનો ફોટો લગાવી પરીક્ષા ખંડમાં પ્રવેશ મેળવેલ અને પરીક્ષા દરમ્યાન સદર હકીકતની જાણ થતા તેઓ સામે હાલનો ગુના નોંધાયેલ છે અને તે હકીકત ફરીયાદપક્ષ તર્ફે તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીથી નિઃશંકપણે ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. હાલના કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેતા આંક – ૪૨ વાળું આરોપી

મહંમદ રફીક એહમદ દેડકીનાઓએ ફરીયાદ રૂબરૂ આપેલ કબુલાતનામું છે જે એક્સટ્રા જ્યુડીશીયલ કન્ફેશન તરીકે પુરાવામાં ગ્રાહ્ય રાખવાપાત્ર હોય અને તે હકીકત વિરૂદ્ધની કોઇ હકીકત આરોપી સાહેદોની ઉલટતપાસથી રેકર્ડ પર લાવી શકેલ નથી અને સદર કામે ફરીયાદીએ ફરીયાદની જાણ કરતો પત્ર આંક – ૪૭ થી પોલીસ સ્ટેશનમાં સમયસર આપેલ છે જેથી ડીલે થયેલ હોવાનું માની શકાય નહી અને આરોપીઓએ પોતે પરીક્ષા આપવા ગયેલ નહી તેવી હકીકત નિવેદનમાં જણાવેલ હોય તેવાસંજોગોમાં તે હકીકત આરોપીએ પુરવાર કરવી જોઇએ અને તે અંગે આરોપીએ કોઇ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં તેઓની રજુઆત છે કે, જ્યારે આરોપીએ જાતે જ ડમી વિદ્યાર્થી તરીકે કબુલાત કરેલ હોવાનું લખાણ આપેલ હોય તેવા સંજોગોમાં તે એફ.એસ.એલ.માં નહી મોકલવાથી તેને પુરાવામાં વંચાણે લઇ શકાય નહી તેવો કોઇ કાયદો નથી. સદર કામે ફરીયાદપક્ષના તમામ સાહેદોએ આરોપીઓ દ્વારા ડમી વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપવા માટે ફોટો બદલી ઝેરોક્ષ કઢાવી બનાવટી દસ્તાવેજ બનાવેલ હોવાની અને તેનો ઉપયોગ કરેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જુબાનીમાં જણાવી તથા રજુ દસ્તાવેજોથી પુરવાર કરેલ છે તેવા સંજોગોમાં આરોપીઓને કાયદામાં દર્શાવ્યા મુજબની મહત્તમ સજા તથા દંડ કરવા રજુઆત કરેલ છે. સદર કામે આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી કે.ડી.મલેકનાઓએ રજુ કરેલ આંક – ૯૪ વાળી લેખિત દલીલો વંચાણે લીધી તથા રજુ કરેલ ચુકાદાઓ માનસહ વંચાણે લીધા.

**(૫)** સદર કામે રેકર્ડ પરના પુરાવાના આધારે કેસના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા. ૧૧/૦૭/૨૦૧૩ ના કલાક ૧૦/૩૦ વાગે વી.એમ.શાહ ગુજરાતી મીડીયમ સ્કુલ બ્લોક નં. ૧૭ હાલોલ ખાતે ગુજરાતી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ પરીક્ષા વિભાગ વડોદરા ખાતેથી પુરક પરીક્ષા જુલાઇ, ૨૦૧૩ માં ગુજરાતી વિષયનું પેપરમાં બેઠક નં. ૬૧૧૩૭૬ ઉપર દેડકી મહંમદ રફીક અહેમદનાઓ બેસી જેણે પોતાનો ફોટો ચોંટાડી

પાતળીયા ફેઇમ ઐયુબની જગ્યાએ ડમી વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપતા દેડકી મહંમદ રીફક અહેમદનાનો ડમી વિદ્યાર્થી વ્યક્તિનાનો પોતે ડમી વિદ્યાર્થી છે તે હોવાનું જાણવા છતા ખોટી રીસીપ્ટ ઊભી કરી જે રીસીપ્ટની પરીક્ષા આપવા સારૂ ઉપયોગ કરી પકડાયેલ બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ઇ.પી.કોડની કલમ – ૪૬૫, ૪૭૧ તથા ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬)** ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ રેકર્ડ પરના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તથા કેસની હકીકતોના આધારે ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના નિર્ણય અને કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ હકારમાં

મુદ્દા નં. આખરી હુકમ મુજબ

## નિર્ણય માટેના કારણો

**(૭)** **<u>મુદ્દા નં. ૧ તથા ૨</u>**

સદર કામે આરોપીઓ વિરૂદ્ધ ઇ.પી.કોડની કલમ – ૪૬૫, ૪૭૧ તથા ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. જેથી સદર કલમો વંચાણે લેવી જરૂરી જણાય છે.

**કલમ – ૪૬૫ બનાવટી દસ્તાવેજ બનાવવાની સજા**

કોઇ પણ વ્યક્તિ, ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુન્હો કરે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

આ કલમના તત્ત્વો નીચે મુજબ છે.

**(૧)** આરોપીએ કોઇ દસ્તાવેજ સહી કર્યો, સીલ કર્યો અથવા કરી આપ્યો અથવા કરી આપ્યો હોય તેવું ચિહ્ન કર્યું કે દસ્તાવેજનો કોઇ ભાગ કરી આપ્યો,

**(૨)** આવો દસ્તાવેજ કલમ – ૪૬૪ માં દર્શાવેલા ત્રણ પૈકી કોઇ પ્રકારમાં પડતો હતો,

**(૩)** આવો દસ્તાવેજ આરોપીએ અપ્રમાણિકપણે અથવા કપટપુર્વક અથવા કલમ – ૪૬૩ માં દર્શાવેલા કોઇ ઇરાદાથી કરી આપ્યો.

**કલમ – ૪૬૩ બનાવટી દસ્તાવેજ બનાવવો (કુટલેખન)**

કોઈ પણ વ્યક્તિ, જનતાને અથવા કોઈ વ્યક્તિને નુકસાન કરવાના અથવા હાનિ પહોંચાડવાના અથવા કોઈ દાવા કે હક્કનું સમર્થન કરવાના અથવા કોઈ વ્યક્તિ કોઈ મિલકત આપી દે તેવું કરવાના અથવા તેની પાસે કોઈ સ્પષ્ટ કે ગર્ભિત કરાર કરાવવાના ઈરાદાથી અથવા કપટ કરવાના અથવા કપટ કરવામાં આવે તેવા ઈરાદાથી કોઈ બનાવટી દસ્તાવેજ અથવા કોઈ દસ્તાવેજનો ભાગ બનાવે તે બનાવટી દસ્તાવેજ બનાવવાનો ગુન્હો કરે છે.

**કલમ – ૪૬૪ ખોટો દસ્તાવેજ બનાવવો.:–**

કોઈ પણ વ્યક્તિ –

**પહેલું** – કોઈ દસ્તાવેજ અથવા દસ્તાવેજનો કોઈ ભાગ જે વ્યક્તિએ અથવા જે વ્યક્તિના અધિકારથી બનાવ્યો નથી, તેના પર સહી કરી નથી, તેના પર સિક્કો માર્યો નથી કે તે કરી આપ્યો નથી તેવું જાણતી હોય તે વ્યક્તિએ અથવા તે વ્યક્તિના અધિકારથી તે બનાવ્યો છે, તેના પર સહી કરી છે, તેના પર સિક્કો માર્યો છે કે તે કરી આપ્યો છે તેમ માનવા પ્રેરવાના ઈરાદાથી અથવા જે સમયે તે થયો નથી, તેમાં સહી થઇ નથી, તેના પર સિક્કો માર્યો નથી કે તે કરી આપવામાં આવ્યો નથી, તે સમયે તે થયો છે, તેમાં સહી થઇ છે, તેના પર સિક્કો માર્યો છે કે તે કરી આપવામાં આવ્યો છે તેમ માનવા પ્રેરવાના ઈરાદાથી પ્રમાણિકપણે અથવા કપટપુર્વક તે દસ્તાવેજ નો કોઈ ભાગ બનાવે, તેમાં સહી કરે, તેના પર સિક્કો મારે કે તે કરી આપે અથવા તે દસ્તાવેજ કરી આપવામાં આવ્યો છે તેવું દર્શાવતી નિશાની કરે; અથવા

**બીજું** – પોતે અથવા અન્ય કોઈ વ્યક્તિએ અમુક દસ્તાવેજ બનાવ્યા બાદ કે તે કરી આપ્યા બાદ કાનુની અધિકાર વગર અપ્રમાણિકપણે અથવા કપટપુર્વક રદ કરીને કે અન્ય રીતે તે દસ્તાવેજના મહત્ત્વના ભાગમાં ફેરફાર કરે, પછી ભલે તે અન્ય વ્યક્તિ દસ્તાવેજમાં એવો ફેરફાર કરવા સમયે હયાત હોય કે હયાત ન હોય; અથવા

**ત્રીજું** – કોઇ વ્યક્તિ મગજની અસ્થિરતા કે નશાના કારણે અમુક દસ્તાવેજમાં શું વિગતો છે અથવા તેમાં કેવા પ્રકારનો ફેરફાર થાય છે તે જાણી શકે તેમ નથી અથવા તે વ્યક્તિની સાથે છેતરપિંડી થઇ હોવાના કારણો જાણતી નથી તેવું પોતે જાણવા છતાં તેની પાસે અપ્રમાણિકપણે અથવા કપટપુર્વક તે દસ્તાવેજ પર સહી કરાવે, સિક્કો મરાવે, તે દસ્તાવેજ કરાવી લે કે તેમાં ફેરફાર કરાવે તેણે ખોટો દસ્તાવેજ બનાવ્યો કહેવાય.

**કલમ – ૪૭૧. બનાવટી દસ્તાવેજ સાચા તરીકે વાપરવો**

કોઇ પણ વ્યક્તિ, કોઇ દસ્તાવેજ કુટલેખિત હોવાનું પોતે જાણતી હોય અથવા પોતાને તેમ માનવાને કારણ હોય તેનો અપ્રમાણિક પણે અથવા કપટપુર્વક સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરે તેણે પોતે તે દસ્તાવેજનું કુટલેખન કરવાનો ગુન્હો કર્યો હોય તેમ ગણીને તે રીતે સજા કરવામાં આવશે.

આ કલમના તત્ત્વો નીચે મુજબ છે.

(૧) સંડોવાયેલ દસ્તાવેજ બનાવટી હતો.

(૨) આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ કર્યો હતો અથવા

(૩) આરોપી જાણતા હતાં અથવા તેમને એવું માનવાને કારણ હતું કે આ દસ્તાવેજ બનાવટી છે.

(૪) આરોપીએ આ દસ્તાવેજ બનાવટી હોવાનું જાણવા છતાં તેનો ઉપયોગ સાચા તરીકે કર્યો.

(૫) આરોપીએ આવુ કૃત્ય કપટ કરવાના ઈરાદાથી અપ્રમાણિકપણે કર્યું.

(૮) ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૧૦૧ મુજબ કોઇ પણ વ્યક્તિ ઇચ્છતી હોય કે પોતે પ્રતિપાદિત કરે છે તે હકીકતોના અસ્તિત્ત્વના આધાર પરથી કોઇ અદાલત કોઇ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે, તેણે તે હકીકત અસ્તિત્ત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જ્યારે કોઇ હકીકતોનું અસ્તિત્ત્વ સાબિત કરવા એક વ્યક્તિ બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે તે વ્યક્તિ પર સાબિતીનો બોજો છે. આમ, જ્યારે ફરીયાદપક્ષ એમ ઇચ્છતો હોય કે આરોપીઓને તેમણે લગાવેલા

આરોપ બદલ દોષિત ઠરાવી સજા કરવામાં આવે તો તેવા સંજોગોમાં આરોપી ઓએ તે ગુનો કરેલાની હકીકત ફરીયાદપક્ષે શંકાથી પર પુરવાર / સાબિત કરવી જોઇએ. કારણ કે ફોજદારી કાર્યરીતિમાં કોઇ પણ ગુનાહિત કાર્યની જવાબદારી નક્કી કરવા માટેની પ્રથમ ધારણા એવી હોય છે કે આરોપીઓ નિર્દોષ છે. પરંતુ જો આરોપીઓ ભારતીય પુરાવા અધિનિયમમાં જણાવેલ અપવાદો મુજબનો બચાવ લે તો તેવા સંજોગોમાં આરોપીઓએ પોતે જે તે અપવાદ અનુસાર લાભ લેવા હક્કદાર છે તે બાબતે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોય છે. પરંતુ ફરીયાદપક્ષના કિસ્સામાં આ નિયમ લાગુ પડતો નથી. ફરીયાદપક્ષે પોતાનો કેસ દરેક શંકાથી પર સાબિત કરવાનો હોય છે.

(૯) હવે કોઇ પણ હકીકત સાબિત થઇ એમ ક્યારે કહેવાય તો તે બાબતે સાબિત શબ્દની વ્યાખ્યા વંચાણે લેવી જરૂરી છે કે જે ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૩ માં જણાવેલ છે. જેના આધારે એમ કહી શકાય કે જ્યારે અદાલત તેની સમક્ષ પડેલ બાબતો વિચારતા તે હકીકત અસ્તિત્ત્વમાં છે એમ માને અથવા તેનું અસ્તિત્ત્વ એટલી હદે સંભવિત માને કે એક સમજદાર વ્યક્તિ જે તે કેસના સંજોગો હેઠળ તેવી ધારણાથી વર્તે કે તેનું અસ્તિત્ત્વ છે. આમ, કોઇ પણ હકીકત સાબિત થયેલ છે કે કેમ તે નિર્ણય કરવા માટે જે તે કેસમાં રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવું જરૂરી છે. પરંતુ પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તેની કોઇ પદ્ધતિ કોઇ પણ કાયદામાં દર્શાવેલ નથી. દરેક કેસની હકીકતો તથા સંજોગો જુદા જુદા હોય છે અને તે હકીકતો અને સંજોગોને ધ્યાનમાં રાખીને પુરાવાનું મુલ્યાંકન કરી શકાય અને ત્યાર બાદ જ નક્કી કરી શકાય કે કોઇ હકીકત અસ્તિત્ત્વ ધરાવે છે કે કેમ?

(૧૦) આમ, ઉપરોક્ત ચર્ચાના આધારે આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તર્ફે બનાવ સમયે આરોપી મહંમદ રફીક એહમદ દેડકીનાઓએ પાતળીયા ફાઇમ ઐયુબની જગ્યાએ વી.એમ.સ્કુલમાં ગુજરાતીનું પેપર આપવા માટે ડમી રીસીપ્ટ તૈયાર કરી તેના પર પોતાનો ફોટો લગાવી ગયેલ અને બંને આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ તે હકીકત પુરવાર કરવી આવશ્યક છે. હાલના કામે આરોપીઓ તર્ફે આંક – ૪૨ વાળા કબુલાતનામા સામે વાંધો લીધેલ તથા આંક – ૪૪ વાળી

ઓ.એમ.આર. શીટને આંક આપવા સામે ઝેરોક્ષ હોય વાંધો લીધેલ છે. હાલના કામે ફરીયાદીએ પોતાની જુબાનીમાં અસલ ઓ.એમ.આર. શીટ અસલ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને મોકલી આપેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જણાવેલ હોય તથા આરોપીઓ તર્ફે તપાસ કરનાર અમલદારની જુબાનીમાં સદર ઓ.એમ.આર. શીટમાં આરોપીના હસ્તાક્ષરની ચકાસણી માટે એફ.એસ.એલ.માં મોકેલલ નહી તેવો પ્રશ્ન પુછી દસ્તાવેજ રીફર કરેલ હોય તથા આંક – ૩૯ થી ૪૬ વાળા દસ્તાવેજો તેમની હાજરીમાં મેળવીને તપાસના કામે સામેલ રાખેલ નથી તેવો પ્રશ્ન પુછી દસ્તાવેજ રીફર કરેલ હોય તેવા સંજોગોમાં જ્યારે આરોપીઓ તર્ફે પણ સદર દસ્તાવેજ પર આધાર રાખી બચાવ લેવામાં આવેલ હોય આંક – ૪૨ તથા આંક – ૪૪ વાળા દસ્તાવેજો આ કામે પુરાવામાં વંચાણે લીધેલ છે. સદર કામે ફરીયાદની હકીકત અનુસંધાને ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે ફરીયાદપક્ષ તર્ફે આંક – ૧૯ થી ફરીયાદી પારેખ મયુરકુમાર શાંતિલાલને તપાસવામાં આવેલ છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ છેલ્લા પાંચ વર્ષથી એમ.એચ.એસ. વિદ્યામંદિર દેલોલમાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે અને તેમની સ્કુલમાં ધોરણ ૯ થી ૧૨ સુધીના વર્ગો ચલાવવામાં આવે છે અને તેમની શાળામાં ધોરણ ૯ થી ૧૨ માં ૯૫૭ જેટલા બાળકો અભ્યાસ કરે છે અને તેમની શાળામાં વર્ષોથી ધોરણ – ૧૦ તથા ધોરણ – ૧૨ ની બોર્ડ દ્વારા યોજાતી પરીક્ષાઓનું કેન્દ્ર આપવામાં આવે છે અને સને ૨૦૧૩ માં જુલાઇ માસમાં યોજવામાં આવેલ પુરક પરીક્ષા જે ધોરણ – ૧૦ ની રાખવામાં આવેલ હતી અને તેઓને હાલોલ કેન્દ્રમાં સ્થળ સંચાલક તરીકેની જવાબદારી જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી – પંચમહાલ, ગોધરાનાઓએ હુકમ કરતા તેઓએ સ્થળ સંચાલન તરીકેની જવાબદારી સંભાળેલી અને પુરક પરીક્ષાની શરૂઆતથી લઇ પુર્ણતા સુધીની જવાબદારી તેઓને આપવામાં આવેલી અને દરમ્યાનમાં તા. ૧૧/૦૭/૨૦૧૩ ના રોજ વી.એમ.શાહ હાઇસ્કુલમાં ગુજરાતીનું પેપર હોય તેઓએ તેની જરૂરી દરકાર કરેલી અને વી.એમ.સ્કુલ ગુજરાતી મીડીયમમાં બ્લોક નં. ૧૭ માં બેઠક નં. ૬૧૧૩૭૬ પર એક વિદ્યાર્થી પરીક્ષા આપી રહેલ હતા અને તેઓએ તે

<u>વિદ્યાર્થીને ચેક કરતા તે વિદ્યાર્થીનું નામ દેડકી મહંમદરફીક એહમદ હોવાનું જણાવેલ અને તેની રીસીપ્ટ ચેક કરતા પતાળીયા ફાઇમ ઐયુબની હોવાનું જણાયેલું અને આ કામે વિદ્યાર્થીએ અસલ રીસીપ્ટ રાખવાની હોય છે તેની જગ્યાએ વિદ્યાર્થીએ ઝેરોક્ષ નકલ રાખેલ હતી અને જે ઝેરોક્ષ નકલ ઉપર સહી સિક્કા ન હોવાથી તેઓને શંકાસ્પદ જણાયેલ અને જેથી તેઓએ વિદ્યાર્થીને વધુ પુછપરછ કરેલી જેથી તેઓએ ૧૦/૪૩ કલાકે ઓનલાઇન હોલ ટીકીટ કાઢેલ અને જેમાં બંને રીસીપ્ટના ફોટા મેચ થયેલ નહી</u> અને વિદ્યાર્થીને પુછપરછ કરતા જણાવેલ કે અસલ ઉમેદવાર પતાળીયા ફાઇમ ઐયુબની જગ્યાએ તેઓ દેડકી મહંમદરફીક એહમદ પરીક્ષાર્થી તરીકે બેઠેલ છે અને જે તે પરીક્ષાર્થીની રીસીપ્ટ ઉપર નિયત જગ્યાએ તેનો ફોટો ચોંટાડી બાદ ઝેરોક્ષ કઢાવી પરીક્ષા આપવા આવેલ છે અને ફરીયાદીએ તે રીસીપ્ટ ઓળખી બતાવવાનું જણાવેલ હોવાથી ફરીયાદીને તે રીસીપ્ટ કે જે ઝેરોક્ષ નકલ હોય તે બતાવતા તેમાં ડમી વિદ્યાર્થીનો ફોટાવાળી હોવાનું અને તે જ લઇને ડમી વિદ્યાર્થી પરીક્ષા ખંડમાં બેઠેલ હતો તેમ જણાવેલ છે અને તે રીસીપ્ટમાં પરીક્ષાર્થીનું નામ પટાલીયા ફરાઇમ ઐયુબ લખેલ છે તેમજ તે રસીદ પર " સદર રીસીપ્ટ સાથે બેઠેલ વિદ્યાર્થીને પકડેલ છે " તેવું લખેલ છે અને તેના નીચે ખંડ નિરીક્ષક કૃણાલભાઇ સુથારની સહી છે અને તા. ૧૧/૦૭/૨૦૧૩ લખેલ છે અને અને તા. ૧૧/૦૭/૨૦૧૩ લખેલ છે તેમજ રીસીપ્ટના નીચે " આ રીસીપ્ટ લઇને હુ પરીક્ષા આપવા બેઠો હતો" તેવું લખાણ ડમી વિદ્યાર્થી દેડકી મોહમંદ નાએ તેના સ્વ હસ્તાક્ષરમાં લખી તેમની હાજરીમાં નીચે તેની સહી કરેલી, જે તેઓ ઓળખી બતાવે છે તેમજ સદર રીસીપ્ટમાં નીચે ડાબી બાજુએ તેમણે તેમની સહી કરી તા. ૧૧/૦૭/૨૦૧૩ લખેલ જે સહી તેઓ ઓળખી બતાવે છે. વધુમાં સદર ફરીયાદી જણાવે છે કે, <u>તેઓએ સવારે કલાક ૧૦/૪૩ વાગ્યે તેમની ઓફીશીયલ વેબ સાઇટ www.gseb.org પરથી ડમી વિદ્યાર્થી, જે બેઠક ક્રમાંક નં. બી–૬૧૧૩૭૬ પર બેઠેલ હતો, તેની અસલ રીસીપ્ટ વેબ સાઇટ પરથી ડાઉનલોડ કરી તેની પ્રિન્ટઆઉટ કાઢી ચેક કરતા, પરીક્ષા ખંડમાં જે વિદ્યાર્થી બેઠેલ હતો તેના કરતા અલગ ઇસમનો ફોટો ડાઉનલોડ કરેલ રીસીપ્ટમાં હોવાનું જણાયેલ, જેથી તેઓને ખાત્રી થયેલ કે</u>

પરીક્ષા ખંડમાં ડમી વિદ્યાર્થી બેઠેલ છે અને તેઓ તા. ૧૧/૦૭/૨૦૧૩ ના રોજ બોર્ડની વેબસાઇટ પરથી મેળવેલ બેઠક ક્રમાંક નં. બી–૬૧૧૩૭૬ વાળા વિદ્યાર્થીની ઓનલાઇન રીસીપ્ટ જોઇને જણાવે છે કે આ રીસીપ્ટમાં પરીક્ષાર્થી નું નામ પટાલીયા ફરાઇમ ઐયુબ લખેલ છે અને તેનો અસલ ફોટો આ પ્રિન્ટાઆઉટમાં છે અને આ રીસીપ્ટની નીચે ડાબી બાજુએ તેમણે તેમની સહી કરેલ અને તા. ૧૧/૦૭/૨૦૧૩ ની લખેલ, જે સહી તેઓ ઓળખી બતાવે છે અને વધુમાં જણાવે છે કે, જ્યારે પરીક્ષા દરમ્યાન કોઇ પણ ગેરરીતિ જણાય તો તેનું નિયત નમુનાનું ફોર્મ નં. ૪(બ) ભરવામાં આવે છે, જેમાં ગેરરીતિ પકડનાર ખંડ નિરીક્ષક, ગેરરીતી કરનાર વિદ્યાર્થીના નિવેદનો લેવામાં આવે છે અને તે ફોર્મમાં કેન્દ્ર સંચાલકની સહી હોય છે અને તેઓ મુદ્દામાલ આર્ટીકલ નં. ૧/૧ જોઇને જણાવે છે કે, આ દસ્તાવેજ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનું નિયત નમુનાનું ફોર્મ નં. ૪(બ) છે, જેમાં એસ.એસ.સી. પરીક્ષા જુલાઇ – ૨૦૧૩ યુનિટ – ૨ દર્શાવેલ છે તેમજ પરીક્ષાર્થીનું નામ "પટાલીયા ફરાઇમ ઐયુબની જગ્યાએ બેઠેલ દેડકી મોહમંદ રફીક એહમદ" દર્શાવેલ છે તેમજ વિષય ગુજરાતી અને બેઠક ક્રમાંક નં. બી–૬૧૧૩૭૬ દર્શાવેલ છે તેમજ ખંડ નિરીક્ષક તરીકે કૃણાલ રમેશભાઇ સુથારનાઓએ થયેલ ગેરરીતિ બાબતનું નિવેદન આપેલું અને તેમની રૂબરૂમાં કૃણાલભાઇએ સહી કરેલી, જે તેઓ ઓળખી બતાવે છે તેમજ પરીક્ષા ખંડમાં બેઠેલ ડમી વિદ્યાર્થી નામે દેડકી મોહમંદ રફીકનાઓએ ફોર્મ નં. ૪(અ) માં તેણે પોતે નિવેદનમાં કબુલ કરેલ કે " હું દેડકી મોહમંદ રફીક અહેમદ આજરોજ પુરક પરીક્ષામાં ગુજરાતીનું પેપર આપવા માટે પટાલીયા ફરાઇમ ઐયુબની જગ્યા પર, તેની રીસીપ્ટ પર મારો ફોટો ચોંટાડી, ઝેરોક્ષ કઢાવી પરીક્ષા આપવા બેઠેલ હતો. સદર હુ બાબત હું સ્વેચ્છાયે કબુલુ છું" જે નિવેદન તેણે પોતાના સ્વ હસ્તાક્ષરમાં લખી તેમની હાજરીમાં નીચે સહી કરેલી અને ફોર્મ નં. ૪(બ) તેમજ ફોર્મ નં. ૪(અ) ની નીચે તેમણે સ્થળ સંચાલક તરીકે તેમની સહી કરેલી જે તેઓ ઓળખી બતાવે છે અને વધુમાં જણાવે છે કે, ત્યારબાદ આ ડમી વિદ્યાર્થીનું ક્રોસ વેરીફીકેશન કર્યા બાદ બેઠેલા ડમી વિદ્યાર્થીએ એ મતલબનું નિવેદન

તેઓની રૂબરૂ આપેલું કે તેણે પરીક્ષા આપવા માટે પટાલીયા ફરાઇમ ઐયુબને મળેલ પરીક્ષા રસીદ પર તેનો પોતાનો ફોટો ચોંટાડી, તેની ઝેરોક્ષ નકલ કરાવી આ નકલ લઇને પરીક્ષા આપવા માટે બેઠેલ છું, જે લખાણ આ ડમી વિદ્યાર્થીએ રાજીખુશીથી તેની મરજીથી પોતાના સ્વ હસ્તાક્ષરમાં લખી આપી નીચે તેની સહી કરેલી અને તે લખાણના અંતે તેમણે પણ રૂબરૂ તરીકે સહી કરેલી અને તેઓ મુદ્દામાલ આર્ટીકલ નં. ૧/૩ જોઇને જણાવે છે કે, આ નિવેદન આરોપીએ તેમની હાજરીમાં તેના સ્વ હસ્તાક્ષરમાં લખી આપેલ, તે જ નિવેદન છે, જેમાં આરોપીની સહી છે તેમજ રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવેલ છે અને વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમની રૂબરૂ ખંડ નિરીક્ષક શ્રી કૃણાલભાઇ રમેશભાઇ સુથારનાઓએ નિવેદન આપેલ કે તેઓ બ્લોક નં. ૧૭ માં ખંડ નિરીક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને વિદ્યાર્થીઓની પ્રશ્ન પુસ્તિકા તથા ઓ.એમ.આર. શીટ વિતરણની તથા વિદ્યાર્થીઓની રીસીપ્ટની ચકાસણી કરવાની કામગીરી તેઓએ કરવાની હતી અને તેઓએ પોતાની ફરજના ભાગરૂપે વિદ્યાર્થીઓની રીસીપ્ટની ચકાસણી કરતા આરોપી મોહમંદ રફીક દેડકીનાઓ પટાલીયા ફરાઇમની જગ્યાએ ખોટી રીતે પરીક્ષા આપવા માટે બેઠેલ હોવાની શંકા ગયેલી અને પુછપરછ કરતા મોહમંદ રફીક દેડકીનાઓએ પણ પોતે ખોટી રીતે પરીક્ષા આપવા માટે બેઠેલ હોવાનું કબુલી ગેરરીતી આચરેલ અને તે બાબતે ઘટતું કરવા તેઓને કેન્દ્ર સંચાલક તરીકે લેખિતમાં જાણ કરેલી અને તેઓ મુદ્દામાલ આર્ટીકલ નં. ૧/૪ જોઇને જણાવે છે કે, આ નિવેદન કૃણાલ રમેશભાઇ સુથારનાઓએ તેમના સ્વ હસ્તાક્ષરમાં આપેલ તે જ નિવેદન છે જેમાં કૃણાલભાઇની સહી છે અને નીચે ડાબી બાજુએ તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે અને ત્યારબાદ આ ડમી વિદ્યાર્થી પાસેથી ઓ.એમ.આર. શીટ તેઓએ લઇ લીધેલી જે અસલ તેઓએ જે તે સમયે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને મોકલી આપેલી અને તેની ઝેરોક્ષ નકલ તેઓએ તપાસના કામે આપેલી અને ઝેરોક્ષ નકલમાં તેઓએ સહી કરીને તા. ૧૧/૦૭/૨૦૧૩ ના રોજની નાખેલી અને તેઓ મુદ્દામાલ આર્ટીકલ નં. ૧/૫ જોઇને જણાવે છે કે, આ દસ્તાવેજ તેઓએ સ્થળ પરથી આરોપી પાસેથી મેળવેલ અસલ ઓ.એમ.

આર. શીટની ઝેરોક્ષ નકલ છે જેમાં શીટ નં. બી–૬૧૧૩૭૬ દર્શાવેલ છે તેમજ તા. ૧૧/૦૭/૨૦૧૩ ની નોંધેલ છે અને આ ઓ.એમ.આર. શીટમાં ખંડ નિરીક્ષક તરીકે કૃણાલભાઇ સુથારનાઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે અને તેમજ આ ઓ.એમ.આર. શીટની નીચે ડાબી બાજુએ તેમની સહી તથા તા. ૧૧/૦૭/૨૦૧૩ ની દર્શાવેલ છે અને ત્યારબાદ સ્થળ ઉપર હાજર સરકારી પ્રતિનિધી તરીકે ફરજ બજાવતા પટેલ પરેશ ભગવાનદાસ નાઓએ પણ લેખિત નિવેદન આપેલ કે, તેઓ ફરજ પર હતા ત્યારે ખંડ નિરીક્ષક શ્રી કૃણાલભાઇ સુથારનાઓએ તેઓને જાણ કરેલ કે વિદ્યાર્થીઓના રીસીપ્ટની ચકાસણી કરતા બેઠક નં. બી–૬૧૧૩૭૬ પર બેઠેલ વિદ્યાર્થી શંકાસ્પદ જણાતા તે બાબતની જાણ તેમને કરતા પરેશભાઇ અને હુ બંને જણા જે તે ખંડમાં પહોંચી વધુ ઉલટતપાસ કરતા વિદ્યાર્થી મોહમંદ દેડકીએ પણ પોતે ડમી પરીક્ષાર્થી હોવાની કબુલાત કરેલી. જે મતલબનું નિવેદન પરેશભાઇ પટેલનાઓએ પોતાના સ્વ હસ્તાક્ષરમાં લખેલુ અને નીચે સહી કરેલી તેમજ આ નિવેદનમાં ડાબી બાજુએ તેઓએ પણ સહી કરેલી અને તેઓ મુદ્દામાલ આર્ટીકલ નં. ૧/૬ જોઇને જણાવે છે કે, આ નિવેદન પટેલ પરેશ ભગવાનદાસનાઓએ તેમના સ્વ હસ્તાક્ષરમાં આપેલ તે જ નિવેદન છે જેમાં પરેશભાઇની સહી છે અને નીચે ડાબી બાજુએ તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે અને ત્યારબાદ તેઓએ કેન્દ્ર સંચાલક તરીકે સ્થળ પર રોજકામ કરેલું, જેમાં બેઠક નં. બી–૬૧૧૩૭૬ પર બેઠેલ વિદ્યાર્થી ડમી વિદ્યાર્થી દેડકી મોહમંદ હોવાનું માલુમ પડતા જરૂરી કાર્યવાહી કરવા સબબ પોલીસ ફરીયાદ, ડમી પરીક્ષાર્થીનું લેખિત નિવેદન, ખંડ નિરીક્ષકનું લેખિત નિવેદન, સરકારી પ્રતિનિધીનું લેખિત નિવેદન લેવાની કાર્યવાહી કર્યા બાદ ડમી પરીક્ષાર્થી દેડકી મોહમંદને પોલીસને સોંપેલો અને તે અંગેની નોંધ રોજકામમાં કરેલી અને તેઓ તા. ૧૧/૦૭/૨૦૧૩ ના રોજના રોજકામની સ્થળપ્રત જોઇને જણાવે છે કે આ દસ્તાવેજ તેઓએ સ્થળ પર કરેલ રોજકામ ની જ સ્થળપ્રત છે, જેમાં નીચે સ્થળ સંચાલક તરીકેનો સિક્કો તથા તેમની સહી છે જે ઓળખી બતાવે છે અને આંક – ૩૯ થી ૪૬ વાળા દસ્તાવેજો બનાવના દિવસે જ તેમની પાસેથી પોલીસે પંચનામાની વિગતે પંચો રૂબરૂ

કબજે લીધેલા અને તેઓ આરોપીઓને જોયેથી ઓળખતા હોવાનું જણાવી આરોપી નં. ૧ મોહમંદ રફીકભાઇ દેડકીનાઓ ડમી પરીક્ષાર્થી તરીકે બેઠેલ હોય તેને તેમણે જોયેલ હોય ઓળખી બતાવે છે તથા આરોપી નં. ૨ પટાલીયા ફરાઇમનાઓનો ફોટો તેમણે વેબ સાઇટ પરથી ઓનલાઇન કાઢેલ રીસીપ્ટમાં જોયેલ હોય તેના આધારે ઓળખી બતાવે છે. સદર ફરીયાદી વધુમાં જણાવે છે કે, આરોપીએ જુલાઇ – ૨૦૧૩ ની પુરક પરીક્ષામાં સાચા ઉમેદવાર નામે પટાલીયા ફરાઇમ ઐયુબની જગ્યાએ પોતે ઉમેદવાર તરીકે પરીક્ષા ખંડમાં પ્રવેશી ખોટી રસીદ બતાવી ડમી ઉમેદવાર તરીકે પરીક્ષા આપવા બેઠેલ, જે બાબતની હાલોલ પોલીસ સ્ટેશને પોલીસ ફરીયાદ નોંધવા બાબતની અરજી આપેલી, જે અરજીની સ્થળપ્રત તેઓએ રજુ કરેલ છે અને જેમાં તેમની સહી હોવાનું ફરીયાદી જણાવે છે તથા પોલીસે તેમની તે જ દિવસે વિગતવાર ફરીયાદ નોંધેલી અને તેઓ ફરીયાદની ઝેરોક્ષ નકલમાં તેમની સહી ઓળખી બતાવે છે.

**(૧૧)** સદર ફરીયાદીની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, કહેવાતા બનાવના દિવસે પુરક પરીક્ષાનો સમય સવારે ૧૦.૩૦ થી બપોરે ૧.૩૦ વાગ્યા સુધીનો હતો અને ગેટ પરના સિક્યુરીટી ગાર્ડ ફક્ત વિદ્યાર્થી પાસે રીસીપ્ટ છે કે કેમ તે જ ચેક કરે છે અને રીસીપ્ટની ખરાઇ બાબતે કોઇ તપાસ કરતા નથી અને પોલીસ બનાવ સ્થળે કેટલા વાગ્યે આવેલી? તેવા સવાલના જવાબમાં તેઓ જણાવે છે કે, પરીક્ષા સમયે દરેક સેન્ટર પર પોલીસ હાજર હોય છે અને બનાવ સમયે તમોએ ક્યા સ્થળે પોલીસને બોલાવેલી? તેવા સવાલના જવાબમાં તેઓ જણાવે છે કે, પરીક્ષા ખંડમાં બેઠેલા બીજા વિદ્યાર્થીઓને ડીસ્ટર્બ ન થાય તેટલા માટે ડમી વિદ્યાર્થીને કેન્દ્ર સંચાલકની ઓફીસમાં લઇ ગયેલા અને ત્યાં પોલીસને બોલાવેલી અને વધુમાં જણાવે છે કે, પોલીસ આશરે અડધાથી પોણો કલાક જેટલું ઓફીસમાં રોકાયેલી અને આંક – ૪૭ વાળી ફરીયાદ સ્વરૂપની અરજી તેઓએ પરીક્ષા પુરી થયા બાદ દોઢ વાગ્યા બાદ આપેલી અને આરોપીએ પોતે જ કબુલાત કરેલ કે તેણે અસલ રીસીપ્ટની નકલ કઢાવી તેના પર પોતાનો ફોટો ચોંટાડી ઝેરોક્ષ કરાવેલ છે અને તેઓ ફરીયાદ આપવા

માટે પોલીસ સ્ટેશન આશરે બપોરે બે વાગ્યાની આસપાસ ગયેલ અને તમો કેટલા વાગ્યા સુધી પોલીસ સ્ટેશનમાં રોકાયેલા? તેવા સવાલના જવાબમાં તેઓ જણાવે છે કે, ચોક્કસ સમય તેમને હાલ યાદ નથી, પરંતુ તેઓ પોલીસ સ્ટેશનમાં સાંજ સુધી રોકાયેલા અને વધુમાં જણાવે છે કે, તેઓ રાત્રિના આઠ વાગ્યા સુધી પોલીસ સ્ટેશનમાં રોકાયેલા હોય તેવું બનેલ નહી અને આરોપીએ કબુલાતમાં જે કોઇ હકીકત લખાવેલી તે હકીકતો શબ્દ સહ ફરીયાદમાં કે વિશેષ નિવેદનમાં લખાવેલ નહી? તેવા સવાલના જવાબમાં તેઓ જણાવે છે કે, ફરીયાદમાં લખાવેલ નથી, પરંતુ વિશેષ નિવેદનમાં લખાવેલ હશે અને આ કામે ફરીયાદ તમોએ આઠ કલાક મોડી આપેલ છે? તેવા સવાલના જવાબમાં તેઓ જણાવે છે કે, તેઓએ સમયસર પોલીસ સ્ટેશન પહોંચી ગયેલા, પરંતુ પોલીસે ફરીયાદ કેટલા વાગ્યે ઓનલાઇન રજીસ્ટર કરેલ છે તેની તેમને ખબર નથી અને તમોએ સહી કરેલી તે ઓનલાઇન ફરીયાદમાં કરેલી કે સાદી ફરીયાદ પર સહી કરેલી? તેવા સવાલના જવાબમાં તેઓ જણાવે છે કે, તેમણે જે સહી કરેલી તે તેમણે લખાવ્યા મુજબની ફરીયાદમાં સહી કરેલી.

**(૧૨)** સદર ફરીયાદીની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, હાલની ફરીયાદવાળો બનાવ પહેલા પણ તેમણે વી.એમ.સ્કુલ જોયેલ હતી અને તેમણે તેમની નોકરી દરમ્યાન ખંડ નિરીક્ષક તરીકે પણ કામગીરી કરેલી છે અને ખંડ નિરીક્ષક વિદ્યાર્થીને પેપર આપે તે પહેલા વિદ્યાર્થીની રીસીપ્ટ ચેક કરે છે અને કહેવાતા બનાવના દિવસે તેમની કામગીરી ખંડ નિરીક્ષક તરીકેની ન હોય વિદ્યાર્થીઓની રીસીપ્ટ ચેક કરવાની કામગીરી તેમને કરવાની ન હતી અને ડમી વિદ્યાર્થી તરીકે બેઠેલ ઇસમ મોહમંદ રફીક એહમદ દેડકી જ હોવા અંગેનો કોઇ દસ્તાવેજી આધાર પુરાવો તેઓએ જોયેલ નહી કે તેની પાસેથી મળી આવેલ નહી અને પરીક્ષા દરમ્યાન કોઇ અનિચ્છનીય બનાવ બને તો તેની જાણ જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીને લેખિતમાં કરવાની હોય છે અને કોઇ બનાવ અંગે શાળા દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તેની ઓફીસ કોપી શાળામાં હોય અને પોલીસ પરીક્ષા બંદોબસ્ત અર્થે ગેટની બહાર હાજર

હોય અને પરીક્ષા ખંડમાં હાજર ન હોય અને પોલીસ ઓફીસમાં આવેલ તે વખતે તેઓએ પોલીસને આંક – ૩૯, ૪૦, ૪૧, ૪૨ અને ૪૪ વાળા દસ્તાવેજો પોલીસને આપેલા અને ફરીયાદ તેમણે વાંચેલી છે અને બનાવ અંગે તેમને કૃણાલભાઇએ વાકેફ કરેલ હોવાનું તેમણે ફરીયાદમાં લખાવેલ છે અને આંક – ૩૯ વાળી રીસીપ્ટ તેમની હાજરીમાં બનાવેલ હોય તેવું બનેલ નથી અને તેઓ ફરીયાદ આપવા માટે પોલીસ સ્ટેશન ગયા ત્યારે તેમની સાથે ખંડ નિરીક્ષક કૃણાલકુમાર રમેશભાઇ સુથારનાઓ પણ પોલીસ સ્ટેશન આવેલા અને કૃણાલકુમાર પણ તેમની સાથે આવેલા હોવાથી ફરીયાદ હકીકતની તેઓને જાણ થયેલી અને તેમણે તેમની ફરીયાદમાં ઓ.એમ.આર. શીટ તેમજ આંક – ૪૧ વાળા નિવેદન અંગેની કોઇ હકીકત લખાવેલ નથી અને આંક – ૩૯ ની રીસીપ્ટના આધારે પરીણામ કે માર્ક શીટ આપવામાં આવેલ હોય તેવું બનેલ નથી અને તેમણે આ કામે સરતપાસમાં આંક – ૩૯ થી ૪૪ વાળા જે દસ્તાવેજો રજુ કરેલા છે તેમાં તેમની સહીની નીચે સમય લખેલ નથી અને આંક – ૩૯ અને ૪૦ વાળા દસ્તાવેજો તેઓએ ગઇ મુદતે રજુ કરેલા, તે દસ્તાવેજોમાં આરોપી નં. ૧ તથા આરોપી નં. ૨ ના ફોટા હતા અને બનાવ સમયે પરીક્ષા ખંડમાં સી.સી.ટી.વી. કેમેરા હતા અને આંક – ૪૭ વાળી અરજીમાં તેમણે એવી હકીકત લખેલ ન હતી કે આરોપી રસીદ ઉપર પોતાનો ફોટો ચોંટાડી ખોટો દસ્તાવેજ બનાવી ડમી વિદ્યાર્થી તરીકે બેઠેલ હતો અને આંક – ૪૦ વાળી ઓનલાઇન રીસીપ્ટ તેમણે જાતે ડાઉનલોડ કરેલી અને તે સિવાય ફરીયાદીએ તેમને પુછવામાં આવેલ અન્ય હકીકતોનો ઇનકાર કરેલ છે.

**(૧૩)** સદર કામે ફરીયાદપક્ષ તર્ફે આંક – ૪૯ થી પંચ સાહેદ જીતેન્દ્ર મગનલાલ ભગતને તપાસવામાં આવેલ છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, આશરે ૧૦ એક વર્ષ અગાઉ હાલોલ પોલીસે તેમને પોલીસ સ્ટેશન બોલાવીને એક તૈયાર લખેલા પંચનામા તેમજ બીજા એક કાગળ પર તેમની સહી કરાવેલી અને તે કાગળ કોરૂ હતું કે લખેલું હતું તે તેઓ જાણતા નથી અને તે સિવાય બીજું કંઇ જાણતા નથી અને તેઓ તા. ૧૧/૦૭/૨૦૧૩ ના રોજના પંચનામાની ઝેરોક્ષ નકલમાં પંચ નં.૨ તરીકે

તેમની સહી ઓળખી બતાવે છે. વધુમાં સદર પંચ સાહેદ મુદ્દામાલ પાવતી નં.૧૨૭/૨૦૧૩ થી જમા લીધેલ તે ફોટો ચોંટાડેલ દસ્તાવેજ જોઇને જણાવે છે કે તેમાં પંચ નં. ૨ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આમ, સદર પંચ સાહેદ આરોપી મહંમદ રીફક એહમદ દેડકીના શરીર સ્થિતિના તથા તેઓ પાસેથી કબજે લીધેલ ફોટાના પંચનામાની હકીકતોને સમર્થન નહી કરતા વિ.એ.પી.પી.શ્રી દ્વારા પંચ સાહેદને ફરી ગયેલ હોવાની જાહેર કરવા વિનંતી કરતા તે મંજુર કરતા સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાથી પણ પંચ સાહેદનાઓએ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી.

**(૧૪)** સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, પોલીસે જુદા જુદા લખેલા કાગળો પર પોલીસ સ્ટેશનમાં તેમની સહી લીધેલી અને તેમની હાજરીમાં પોલીસે કોઇ ચીજવસ્તુ કબજે લીધેલ નથી અને તૈયાર લખેલ પંચનામામાં તેમની સહી કરાવેલી અને પંચનામાની સહી સિવાય બીજી કોઇ હકીકત તેઓ જાણતા નથી.

**(૧૫)** સદર કામે ફરીયાદપક્ષ તર્ફે આંક – ૫૨ થી પંચ સાહેદ આશિષકુમાર કનૈયાલાલ શાહને તપાસવામાં આવેલ છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેમને પોલીસે જુલાઇ, ૨૦૧૩ માં હાલોલ પોલીસ સ્ટેશન ખાતે બોલાવેલ અને પોલીસે સમજ કરેલ કે વી.એમ.શાહ ગુજરાતી મીડીયમ સ્કુલમાં ડમી વિદ્યાર્થી પકડાયેલ હોય અને સ્થળ સંચાલક શ્રી મયુરભાઇ પારેખનાઓ દસ્તાવેજી પુરાવા રજુ કરતા હોય, તે કબજે લેવાના હોય અને પંચનામુ કરવાનું હોય તેઓને પંચમાં રહેવા સમજ કરતા તેઓએ સ્વખુશી બતાવેલી અને તેઓ રૂબરૂ ફરીયાદી મયુરભાઇ પારેખનાઓએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનું પત્રક – ૪(અ) તથા ૪(બ) અસલ રજુ કરેલ, ત્યારબાદ ડમી વિદ્યાર્થી ખોટી રીસીપ્ટ લઇને આવેલો તે રીસીપ્ટ રજુ કરેલ, ત્યાર બાદ ડમી વિદ્યાર્થી રફીક અહમદ દેડકીનું લેખિત નિવેદન રજુ કરેલ તેમજ  ખંડ નિરીક્ષક કૃણાલભાઇ સુથારનું લેખિત નિવેદન રજુ કરેલ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ઓ.એમ.આર. શીટ – પાર્ટ એ, સરકારી

પ્રતિનિધિ પરેશભાઇનું લેખિત નિવેદન, પરીક્ષા પુર્ણ થયા બાદનું સ્થળ સંચાલકે કરેલ રોજકામની નકલ તેમજ બોર્ડની વેબસાઇટ પરથી જે ઓનલાઇન રીસીપ્ટ કાઢેલી તે રજુ કરેલ અને આ તમામ દસ્તાવેજો તેમની રૂબરૂમાં કબજે લીધેલા અને આ વખતે તેઓ સાથે બીજા પંચ તરીકે મનહરભાઇ વરીયા પણ હાજર હતા અને આ તમામ દસ્તાવેજો પી.આઇ. સાહેબે તેમની હાજરીમાં કબજે લીધેલા અને તે અંગેનું વિગતવારનું પંચનામુ કરેલું અને કબજે લીધેલ તમામ દસ્તાવેજો પર તેમજ પંચનામા પર તેમની સહીઓ લીધેલી અને તેઓ તા. ૧૨/૦૭/૨૦૧૩ ના રોજનું અસલ પંચનામુ જોઇને તેમાં પંચ નં. ૨ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. વધુમાં સદર પંચ સાહેદ આંક – ૩૯ થી ૪૬ વાળા દસ્તાવેજો જોઇને જણાવે છે કે આ તમામ દસ્તાવેજો તેમની હાજરીમાં કબજે લીધેલા તે જ દસ્તાવેજો છે અને તે તમામ દસ્તાવેજોમા પંચ નં. ૨ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

**(૧૬)** સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેઓ વી.એમ. સ્કુલમાં શિક્ષક તરીકે ખાનગી નોકરી કરે છે અને મયુરકુમાર શાંતિલાલ પારેખ સ્થળ સંચાલક તરીકે પુરક પરીક્ષામાં મુકાયેલા અને તેમને હાલ યાદ નથી કે તેઓ બંને પંચો સાથે પોલીસ સ્ટેશન ગયેલા કે આગળ પાછળ ગયેલા કે કેમ અને તમો પોલીસ સ્ટેશન કેટલા વાગ્યે પહોંચેલા? તેવા સવાલના જવાબમાં તેઓ જણાવે છે કે, બપોરનો સમય હતો, પરંતુ ચોક્કસ સમય તેમને હાલ યાદ નથી, પરંતુ બપોરના આશરે અઢી થી ત્રણ વાગ્યાનો સમય હશે અને વધુમાં જણાવે છે કે, બનાવના દિવસે પેપર બપોરે દોઢ એક વાગ્યે પુરૂ થયેલ હશે અને પંચનામા સમયે તેમની આઠ સહીઓ લીધેલી.

**(૧૭)** સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, કહેવાતા બનાવ સમયે તેઓ વી.એમ.સ્કુલમાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા અને તેઓ મયુરકુમાર શાંતિલાલ પારેખને ઓળખે છે અને તેમને પંચમાં રહેવા માટે મયુરકુમાર શાંતિલાલ પારેખે ફોન કરીને બોલાવેલ અને તેઓ પોલીસ સ્ટેશન પહોંચેલા

ત્યારે પોલીસ તેમની સરતપાસમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો કબજે કરવાની કાર્યવાહી કરતી હતી અને પંચનામા સમયની આઠ સહીઓ સિવાય તેમણે બીજી કોઇ સહીઓ કરેલ નહી અને તેઓ તેમની ફરજના ભાગરૂપે પંચમાં રહેવા માટે પોલીસ સ્ટેશન ગયેલ અને તેમને પંચમાં રહેવા માટે તેમની શાળા દ્બારા કોઈ લેખિત આદેશ કરવામાં આવેલ નહી અને તે સિવાય સાહેદનાઓએ તેમને પુછવામાં આવેલ અન્ય હકીકતોનો ઈનકાર કરેલ છે.

**(૧૮)** સદર કામે ફરીયાદપક્ષ તર્ફે આંક – ૫૮ થી સાહેદ કૃણાલભાઇ રમેશભાઈ સુથારને તપાસવામાં આવેલ છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ૨૦૧૩–૧૪ ની સાલમાં બનેલો અને બનાવ વખતે તેઓ હાલોલમાં વી.એમ. સ્કુલમાં ખાનગી શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને બનાવ સમયે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની પુરક પરીક્ષા ચાલતી હતી અને તેઓ ખંડ નિરીક્ષક તરીકે ફરજ પર સવારે ૧૦.૦૦ વાગ્યે હાજર થયેલ અને ત્યારબાદ પરીક્ષા શરૂ થવાના થોડા સમય પહેલા તેઓ પરીક્ષા ખંડમાં હાજર વિદ્યાર્થીઓની રસીદની ચકાસણી કરતા હતા અને ઉત્તરવહીમાં તેમની સહીઓ કરતા હતા તે દરમ્યાન પરીક્ષા ખંડમાં વિદ્યાર્થી તરીકે બેઠેલ એક વ્યક્તિની રીસીપ્ટ ચેક કરતા તે ઝેરોક્ષ નકલ હોવાનું માલુમ પડતા તેની પાસે અસલ રીસીપ્ટ માંગેલી અને તે બાળકે કહેલ કે અસલ રીસીપ્ટ લાવેલ નથી અને તેની પાસેની રીસીપ્ટની ઝેરોક્ષ નકલમાંની વિદ્યાર્થી તરીકેની સહી તેમજ ઉત્તરવહીમાં કરેલ સહી જોતા, તે બંને સહીઓ અલગ અલગ જણાયેલી, જેથી તેમણે આ બાબતે સ્થળ સંચાલકને જાણ કરેલી અને સ્થળ સંચાલકે ત્યાં આવીને તપાસ કરેલી અને ત્યાર પછીની કાર્યવાહી તે લોકોએ એમની રીતે કરેલી અને સ્થળ સંચાલકે તેમની હાજરીમાં પરીક્ષા ખંડમાં હાજર વિદ્યાર્થીની પુછપરછ કરેલી, પરંતુ આ વિદ્યાર્થીએ સ્થળ સંચાલકને શું જણાવેલું તે તેમને હાલ યાદ નથી અને આ બનાવ બાબતે તેમણે સ્થળ સંચાલકને લેખિતમાં જાણ કરતો પત્ર લખેલ અને સ્થળ સંચાલકે ફોર્મ નં. ૪(બ) માં પરીક્ષાર્થીની ગેરરીતિ બાબતની નોંધ કરી તેમની સહી લીધેલી અને તેઓ આંક – ૩૯ વાળી રીસીપ્ટ પરીક્ષા ખંડમાં વિદ્યાર્થી જે ઝેરોક્ષ રીસીપ્ટ લઇને બેઠેલ તે આ જ રીસીપ્ટ હોવાનું જણાવી ઓળખી બતાવે છે તથા આંક – ૪૧ વાળા પત્રક

૪(બ) ના પાછળના પાને તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે ત્યારબાદ સ્થળ પર પકડાયેલ ઇસમે ગેરરીતિ આચરેલ તે બાબતનો પત્ર તેઓએ સ્થળ સંચાલકને લખેલ અને તેઓ આંક – ૪૩ વાળા પત્રમાં તથા આંક – ૪૪ વાળી ઓ.એમ.આર. શીટમાં ખંડ નિરીક્ષક તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે અને વધુમાં જણાવે છે કે બનાવ સબંધે પોલીસે તેમનું નિવેદન લીધેલું અને પરીક્ષા ખંડમાં જે ઇસમ ગેરરીતિ કરતા પકડાયેલ તેને જોયેથી ઓળખી શકે નહી.

**(૧૯)** સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, બનાવના દિવસે એસ.એસ.સી. ની પુરક પરીક્ષા શરૂ થવાનો ચોક્કસ સમય શું હતો તે તેમને હાલ યાદ નથી અને તેઓ કહી શકે નહી કે રીસીપ્ટ ચેક કર્યા પછી જ વિદ્યાર્થીની પરીક્ષા ખંડમાં એન્ટ્રી થાય કે કેમ અને પરીક્ષા શરૂ થયા પહેલા વિદ્યાર્થી ડમી વિદ્યાર્થી છે કે કેમ તેવી ચકાસણી કરવાની જવાબદારી તેમની હોતી નથી અને આવી ચકાસણી કરવાની જવાબદારી કોની હોય છે? તેવા સવાલના જવાબમાં તેઓ જણાવે છે કે, તેમને ખ્યાલ છે ત્યાં સુધી શરૂઆતમાં આવી ચકાસણી કરવાની હોતી નથી અને વધુમાં જણાવે છે કે, સ્થળ પર પોલીસ મયુરકુમારે બોલાવેલી કે કેમ તેની તેમને ખબર નથી, કારણ કે તે વખતે તેઓ સુપરવીઝનમાં હતા અને પોલીસે તેમનો જવાબ ચોક્કસ કઇ તારીખે લીધેલો તે તેમને હાલ યાદ નથી.

**(૨૦)** સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્ધારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, બનાવના દિવસે તેઓ ખંડ નિરીક્ષક તરીકે કામગીરી કરતા હોવા અંગેનો કોઇ લેખિત આધાર પુરાવો તેમણે તપાસ કરનાર અમલદારને આપેલ નહી અને પરીક્ષા શરૂ થયા પહેલા વિદ્યાર્થી ડમી વિદ્યાર્થી છે કે કેમ તેવી કોઇ ચકાસણી તેઓએ કરેલ નહી અને ડમી વિદ્યાર્થી હોવા અંગે તેઓએ જાતે ડમી વિદ્યાર્થી પાસેથી આધાર પુરાવા મેળવીને ખરાઇ કરેલ નહી અને તેમણે તેમના પોલીસ જવાબમાં ઓ.એમ.આર. શીટમાં તેમણે સહી કરેલ હોવાની હકીકત લખાવેલ નહી અને કહેવાતા બનાવ સબંધે કાર્યવાહી તેમના સ્થળ સંચાલક મયુરકુમારે કરેલી અને પોલીસ સ્થળ પર

આવેલી તે તેઓ જાણે છે અને પેપર પુરૂ થયું ત્યાં સુધી પોલીસ સ્થળ પર રોકાયેલી અને પછી આરોપીને લઈ ગયેલી અને પોલીસે અને મયુરકુમાર શું કામગીરી કરેલી તેની તેમને ખબર નથી અને તે સિવાય સાહેદનાઓએ તેમને પુછવામાં આવેલ અન્ય હકીકતોનો ઈનકાર કરેલ છે.

**(૨૧)** સદર કામે ફરીયાદપક્ષ તર્ફે આંક – ૬૧ થી સાહેદ પરેશકુમાર ભગવાનદાસ પટેલને તપાસવામાં આવેલ છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૧૩ ની સાલમાં સાહેર ફળીયા મીરપ. પ્રાથમીક શાળામાં આસીસ્ટન્ટ શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને જુલાઈ–૨૦૧૩ માં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા ચાલુ હોય તેઓને સરકારી પ્રતિનિધિ તરીકે વી.એમ.શાહ ગુજરાતી મીડીયમ સ્કુલ હાલોલમાં ફરજ પર મુકેલા હતા અને બનાવ ચોક્કસ કઈ તારીખે બનેલો તથા બનાવના દિવસે કયા વિષયની પરીક્ષા હતી પણ તેમને હાલ યાદ નથી, પરંતુ પરીક્ષા દરમ્યાન એક દિવસ તેઓ વી.એમ.શાહ સ્કુલમાં ફરજ પર હાજર હતા ત્યારે ખંડ નિરીક્ષક, કે જેનુ નામ તેમને હાલ યાદ નથી, તે ઓફીસમાં તેમની પાસે આવેલા અને જણાવેલ કે એક વિદ્યાર્થી ડમી વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપવા માટે બેઠેલો છે અને ત્યાર પછી બોર્ડના જે સદસ્યો હાજર હતા તેમણે કાર્યવાહી કરેલી અને ડમી વિદ્યાર્થીનું નામ શું હતું અને તે કોના સ્થાને ડમી વિદ્યાર્થી તરીકે બેઠેલો હતો તેની તેમને ખબર નથી અને જે વિદ્યાર્થી ડમી વિદ્યાર્થી તરીકે બેઠેલો હતો તેને તેમણે બનાવ વખતે બરાબર જોયેલ ન હોય તેને અત્યારે પણ જોયેથી ઓળખી શકે નહી અને બનાવ સબંધે પોલીસે તેમની પુછપરછ કરેલી.

**(૨૨)** સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, બનાવ વખતે તેઓને સરકારી પ્રતિનિધિ તરીકે બોર્ડના પેપરો સીલ બંધ હાલતમાં ગોધરા ખાતેથી લાવીને વી.એમ.શાહ સ્કુલમાં પહોંચાડવાની કામગીરી કરવાની હતી અને કબુલ કરે છે કે, બનાવના દિવસે પણ તેઓએ આ કામગીરી કરેલી અને પછી તેઓ સ્ટાફ રૂમમાં જઈને બેસી ગયેલ અને સ્કુલમાં સ્ટાફ રૂમ અને પરીક્ષા ખંડ

એકબીજાથી દુર આવેલા છે અને પરીક્ષા ખંડમાં શું થયેલું તેના વિશે તેમને કોઇ જાતમાહિતી નથી.

**(૨૩)** સદર કામે ફરીયાદપક્ષ તર્ફે આંક – ૬૪ થી સાહેદ સંગ્રામસિંહ છત્રસિંહ ચૌહાણને તપાસવામાં આવેલ છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૧૪ ની સાલમાં તેઓ કલ્યાણાપુરા હાઇસ્કુલમાં ધોરણ–૧૦ ની પુરક પરીક્ષા માટે ફોર્મ ભરેલ હોય, તેમનો નંબર વી.એમ.સ્કુલ હાલોલ ખાતે આવેલો અને તેમને ગણિત અને ગુજરાતી વિષયની પરીક્ષા આપવાની હોય, બનાવના દિવસે તેઓ વી.એમ.સ્કુલ ખાતે ગયેલ, પરંતુ તે દિવસે ચોક્કસ ક્યા વિષયનું પેપર હતું તે તેમને હાલ ખબર નથી અને બનાવના દિવસે શાળામાં સ્કોડ આવેલી અને તેઓ શાળાના બ્લોક નં. ૧૭ માં પરીક્ષા આપવા માટે બેઠેલ હતા અને સ્કોડ રીસીપ્ટ ચેક કરતી હતી, ત્યારે તેમના ખંડમાં એક વિદ્યાર્થી ચોરી કરતા પકડાયેલ અને આ વિદ્યાર્થી પાસે કાપલી પકડાયેલી અને તે સિવાય બીજુ કંઇ બનેલ નહી તેમજ પાછળથી પણ તેમને કંઇ જાણવા મળેલ નહી અને ખોટી રીસીપ્ટ બાબતે તેઓ કંઇ જાણતા નથી કે તેમને કંઇ જાણવા મળેલ નહી અને પરીક્ષા ખંડમાં જે વિદ્યાર્થી ચોરી કરતા પકડાયેલ તેને તેઓ હાલ જોયેથી ઓળખી શકે નહી અને બનાવ સબંધે સને ૨૦૧૪ માં પોલીસે તેમની પુછપરછ કરેલી. આમ, સદર સાહેદ પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતોને સમર્થન નહી કરતા વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગતા તે મંજુર કરતા સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાથી પણ ફરીયાદપક્ષની હકીકતોને સાહેદનાઓએ સમર્થન આપેલ નથી.

**(૨૪)** સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, બનાવના દિવસે તેઓ પરીક્ષા ખંડમાં પરીક્ષા આપવા માટે બેઠેલ હોય, તેવો કોઇ પુરાવો પોલીસે તેમની પાસે માંગેલ નહી કે તેમણે પોલીસને આપેલ નહી અને બનાવ વિશે તેમને કોઇ જાતમાહિતી નથી અને પોલીસે ફક્ત તેમનું નામ–સરનામુ પુછેલું અને તેમણે પોલીસને કોઇ હકીકત લખાવેલ નહી.

**(૨૫)** સદર કામે ફરીયાદપક્ષ તર્ફે આંક – ૬૫ થી સાહેદ વિરેન્દ્રસિંહ દિલીપસિંહ મંડોરાને તપાસવામાં આવેલ છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા. ૧૧/૦૭/૨૦૧૩ ના રોજ તેઓ હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે પ્રોબેશનર પી.એસ.આઇ તરીકે ફરજ પર હાજર હતા તે વખતે ફરીયાદી મયુરભાઈ શાંતિલાલ પારેખ, રહે–ગોધરાનાઓએ હાલોલ પોલીસ સ્ટેશન ખાતે હાલોલ પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી.નં. ૧૪૫/૨૦૧૩, ઇ.પી.કો. કલમ – ૪૬૫, ૪૬૭, ૧૧૪ મુજબની ફરીયાદ તેમના રૂબરૂની લખાવેલ, જેમાં ફરીયાદી વી.એમ.શાહ, હાલોલ ખાતે એસ.એસ.સી. પુરક પરીક્ષા જુલાઇ, ૨૦૧૩ અન્વયે સ્થળ સંચાલક તરીકે ફરજ પર હતા ત્યારે બ્લોક નં. ૧૭ માં ખંડ નિરીક્ષક તરીકે ફરજ બજાવતા કૃણાલભાઈ રમેશભાઈ સુથારનાઓએ તેમના વર્ગ ખંડમાં રીસીપ્ટ ચેક કરતી વખતે તેઓના ધ્યાને આવેલ કે દેડકી મોહમંદ રફીક એહમદ ડમી વિદ્યાર્થી બની પાતળીયા ફઇમ ઐયુબની જગ્યાએ પોતાનો ફોટો ચોંટાડી બેસી ગયેલ છે, જે બાબતે ઉલટતપાસ કરતા પાતળીયા ફઇમ ઐયુબનાઓએ પોતે ડમી વિદ્યાર્થી તરીકે બેસેલાની કબુલાત કરેલ જે અંગેનું પાતળીયા ફઇમ ઐયુબનું કબુલાત નિવેદન ફરીયાદી દ્વારા નોંધવામાં આવેલ અને પોલીસ ઇન્સ્પેક્ટર હાલોલ નાઓને આ બાબતની જાણ કરતી એક અરજી કરવામાં આવેલ, જે બાબતે પાતળીયા ફઇમ ઐયુબનાઓએ પોતાનો ફોટો ચોંટાડી ડમી રીસીપ્ટ ઉભી કરી પરીક્ષા ખંડમાં બેસી તેનો ખરા તરીકે ઉપયોગ કરી પકડાઇ ગયેલ બાબતની ફરીયાદ ફરીયાદીએ તેમના રૂબરૂની આપેલી અને તેઓ **માર્ક ૫૬/૧** તથા **ટેન્ટીટીવ આંક–૪૮** વાળા દસ્તાવેજો જોઇને જણાવે છે કે, આ દસ્તાવેજો ફરીયાદી મયુર શાંતિલાલ પારેખનાઓએ તેમની રૂબરૂ આપેલ તે અસલ ફરીયાદ તથા તેની જ નકલ છે, જે અસલ ફરીયાદમાં ફરીયાદીની તથા રૂબરૂ તરીકે તેમની સહી છે, જે તેઓ ઓળખે છે અને સદર ફરીયાદ તેઓએ ગુનો દાખલ કરવા સારૂ પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ, જે ગુના રજી. નં. ૧૪૫/૨૦૧૩ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને ત્યાર બાદ તેઓએ ફરીયાદી મયુરકુમાર શાંતિલાલ પારેખ નાઓને આરોપી વિરૂદ્ધ તેમના દ્વારા જે દસ્તાવેજી પુરાવા એકત્રિત કરવામાં આવેલ હોય, તે દસ્તાવેજી પુરાવા તા. ૧૨/૦૭/૨૦૧૩

સુધીમાં રજુ કરવા માટે સી.આર.પી.સી. કલમ – ૧૬૦ મુજબ સમન્સ પાઠવેલ અને તે સમન્સની ઓફીસ કોપી જોઇને તેઓ જણાવે છે કે, આ સમન્સ તેઓએ ફરીયાદીને પાઠવેલ તે જ સમન્સની ઓફીસ કોપી છે, જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખે છે.

**(૨૬)** સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ ફરીયાદીએ ફરીયાદમા ૧૦:૪૩ કલાકે બોર્ડની ઓનલાઇન વેબ સાઇટ પર થી રીસીપ્ટ કાઢી અને બંને રીસીપ્ટના ફોટા મેચ થયેલા નહી તેવી હકીકત લખાવેલ છે? તેવા સવાલના જવાબમાં જણાવે છે કે, ફરીયાદીએ ફરીયાદમાં ઓનલાઇનથી રીસીપ્ટની ખરાઇ કરતા તેમા ડમી વિદ્યાર્થીની હકીકત જણાઇ આવેલ, તેવી હકીકત લખાવેલ છે અને ફરીયાદીએ બનાવ બાદ ૭ કલાક મોડી ફરીયાદ આપેલી? તેવા સવાલના જવાબમાં જણાવે છે કે, ફરીયાદીએ બનાવ બાદ તરત જ તેમની સમક્ષ ફરીયાદ આપેલી, પરંતુ ફરીયાદ જાહેર થયાનો સમય ૧૮:૧૫ લખેલ છે અને ફરીયાદીએ ફરીયાદ કેટલા વાગ્યે આપેલી? તેવા સવાલના જવાબમાં જણાવે છે કે, તે તેમને હાલ યાદ નથી અને ફરીયાદી ફરીયાદ કરવા માટે તમારી પાસે આવેલા તે સમયે આરોપીઓને સાથે લઇને આવેલા નહી? તેવા સવાલના જવાબમાં જણાવે છે કે, તે વાત ખરી છે.

**(૨૭)** સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, ફરીયાદીએ આંક – ૬૬ વાળી ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નહી કે " મેં તેઓને ચેક કરતા તેઓનું નામ દેડકી મહંમદ રફીક એહમદ હોવાનું જણાવેલ જેની રીસીપ્ટ ચેક કરતા પટાલીયા ફરાઇમ ઐયુબ હોવાનું જણાવેલ, આ કામે વિદ્યાર્થીએ અસલ રીસીપ્ટ રાખવાની હોય છે તેની જગ્યાએ ઝેરોક્ષ નકલ રાખેલ હતી જે ઝેરોક્ષ નકલ ઉપર સહી–સિક્કા ન હોવાથી અમોને તે શંકા થતા" અને ફરીયાદીએ આંક – ૬૬ વાળી ફરીયાદમાં, ઓ.એમ.આર. શીટ તથા આંક – ૪૧ વાળા નિવેદનની કોઇ હકીકત લખાવેલ નહી અને ફરીયાદીએ તેમની સમક્ષ ફરીયાદ કરેલ તે સમયે ફરીયાદી પાસે ઓ.એમ.આર. શીટ, પરીક્ષામાં બેસવાની રીસીપ્ટ, ગેરરીતિ પકડનાર સંચાલકનું નિવેદન, આરોપીનું કબુલાતનામુ,

સુથાર કૃણાલ રમેશની અરજી વિગેરે દસ્તાવેજોની હકીકતો ફરીયાદમાં લખાવેલ નહી અને આ કામે તેઓએ કોઇ તપાસ કરેલ નહી અને સી.આર.પી.સી. કલમ – ૧૬૦ ના સમન્સની કાર્યવાહી તપાસનો એક ભાગ છે અને ફરીયાદી ફરીયાદ કરવા માટે તેમની પાસે આવેલા તે સમયે પોતે સ્થળ સંચાલક તરીકે હોય, તેવું દર્શાવતો તેમજ ફરીયાદ દાખલ કરવા માટે તેમને અધિકાર આપેલ હોય, તેવું દર્શાવતો કોઇ આધાર પુરાવો તેમની સમક્ષ રજુ કરેલ નહી અને તે સિવાય સાહેદનાઓએ તેમને પુછવામાં આવેલ અન્ય હકીકતોનો ઈનકાર કરેલ છે.

(૨૮) સદર કામે ફરીયાદપક્ષ તર્ફે આંક – ૭૩ થી પંચ સાહેદ અશરફુભાઇ હુસેનભાઇ ચાંદાને તપાસવામાં આવેલ છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, આશરે દશેક વર્ષ પહેલા તેઓ હાલોલ પોલીસ સ્ટેશનમાં તેમના કામ અર્થે ગયેલ ત્યારે પોલીસે એક તૈયાર લખેલા પંચમાનામાં તેમની સહી કરાવેલી અને તે પંચનામુ શેનું હતું તે તેઓ જાણતા નથી અને પંચનામુ તેમણે વાંચેલ નહી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી અને તેમને ફક્ત સહી કરવાનું કહેતા તેમણે તેમાં સહી કરેલી અને તેઓ તા. ૧૩/૦૧/૨૦૧૪ ના રોજના અસલ પંચનામામાં પંચ નં. ૨ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. આમ, સદર પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન નહી કરતા વિ.એ.પી.પી.શ્રી દ્વારા સાહેદને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગતા તે મંજુર કરતા સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતા પણ ફરીયાદપક્ષની હકીકતને સાહેદનાઓએ સમર્થન આપેલ નથી.

(૨૯) સદર પંચ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, પોલીસના કહેવાથી તૈયાર લખેલા પંચનામામાં સહી કરેલી અને પંચનામાની સહી સિવાયની બીજી કોઇ હકીકત તેઓ જાણતા નથી.

(૩૦) સદર કામે ફરીયાદપક્ષ તર્ફે આંક – ૮૧ થી તપાસ કરનાર અમલદાર મહેશભાઇ બવનજીભાઇ વાછાણીને તપાસવામાં આવેલ છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૧૩ માં તેઓ હાલોલ પોલીસ

સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા, દરમ્યાન ફરીયાદી મયુરકુમાર શાંતિલાલ પારેખનાઓએ પી.એસ.આઇ. શ્રી વી.ડી.મંડોરાનાઓ રૂબરૂ ઇ.પી.કો. કલમ – ૪૬૫, ૪૬૭, ૧૧૪ મુજબના ગુનાની વિગતવાર ફરીયાદ આપેલી, જે ફરીયાદ પી.એસ.ઓ. શ્રી એ–પાર્ટ ગુ.ર.નં. ૧૪૫/૨૦૧૩ થી રજીસ્ટરે લઇ આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ તપાસ સંભાળી લીધેલી અને ગુનાના કામે આરોપી નામે મોહમંદ રફીક અહેમદ દેડકીને અટક કરી બે પંચો નામે રાકેશ રમણલાલ શાહ અને જીતેન્દ્રભાઇ ભગતનાઓ રૂબરૂ અટક કરેલા અને આરોપીના શરીર સ્થિતિનું તેમજ અંગજડતી કર્યાનું પંચનામુ કરેલ, જે પંચનામામાં પંચો રૂબરૂ ફરીયાદીએ હાજર આરોપીને ઓળખી બતાવતા તેનુ નામઠામ પુછેલુ અને અંગજડતી દરમ્યાન આરોપીના ખિસ્સામાંથી એક પાસપોર્ટ સાઇઝનો ફોટો મળી આવેલો, જે ફોટો આરોપીએ પોતાનો હોવાનું જણાવેલ અને વધુમાં જણાવેલ કે આ ફોટો તેણે રીસીપ્ટ પર ચોંટાડી ઝેરોક્ષ કાઢીને પરીક્ષા ખંડમાં ડમી વિદ્યાર્થી તરીકે બેઠેલો હોવાનું જણાવેલ, જે ફોટો પંચો રૂબરૂ તપાસના કામે કબજે લીધેલ અને તેઓએ આંક – ૫૦ વાળા પંચનામાની ઝેરોક્ષ નકલમાં પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે તથા અસલ પંચનામું રજુ કરેલ છે અને વધુમાં આંક – ૫૧ વાળો ફોટો જોઇને તે ફોટો આરોપીની અંગજડતી દરમ્યાન આરોપીના ખિસ્સામાંથી મળી આવેલ, જે ફોટો પંચો રૂબરૂ તપાસના કામે કબજે લીધેલ તે આ જ ફોટો છે તે ફોટાની નીચે બે પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદનાઓએ જણાવેલ છે કે, ગુનાના કામે સાહેદ કૃણાલભાઇ સુથાર તથા પરેશભાઇ ભગવાનભાઇ પટેલના લખાવ્યા મુજબના સાહેદોના નિવેદન નોંધેલ અને ફરીયાદીને પી.એસ. આઇ. શ્રી વી.ડી.મંડોરા સાહેબ દ્વારા સી.આર.પી.સી. કલમ – ૧૬૧ નું સમન્સ પાઠવેલ, જે અનુસંધાને ફરીયાદી મયુરભાઇ શાંતિલાલ પારેખ નાઓએ પી.એસ.આઇ. શ્રી મંડોરા સાહેબશ્રીને સંબોધીને પત્ર પાઠવેલ, જે પત્ર સાથે અસલ દસ્તાવેજી પુરાવા તેમની સમક્ષ રજુ કરેલા અને તેઓએ તા. ૧૨/૦૭/૨૦૧૩ ના રોજનો પી.એસ.આઇ સાહેબ શ્રી મંડોરા સાહેબ શ્રીને સંબોધીને લખેલ પત્ર

જોઇને તે ફોરવર્ડીંગ લેટર સાથે ફરીયાદીએ અસલ દસ્તાવેજ રજુ કરેલાનું જણાવે છે. વધુમાં જણાવે છે કે ફરીયાદીનું તે દિવસે દસ્તાવેજ લગત વિશેષ નિવેદન પણ લીધેલું અને ફરીયાદી મયુરભાઇ પારેખનાઓ અસલ દસ્તાવેજ, જેમાં શિક્ષણ બોર્ડના પત્ર, ડમી ઉમેદવાર પાસેથી મળેલ રીસીપ્ટ, તેના સ્વ–હસ્તાક્ષરમાં લીધેલ તેનું લેખિત નિવેદન, ઓ.એમ.આર. શીટ, ખંડ નિરીક્ષકનું લેખિત નિવેદન, પરેશભાઇ પટેલનું લેખિત નિવેદન, સંચાલકે કરેલ રોજકામની નકલ તેમજ બોર્ડની વેબસાઇટ પરથી બેઠક ન. ૬૧૧૩૭૬ ની ઓનલાઇન રસીદ રજુ કરતા તે પંચો નામે મનહરભાઇ વરીયા તથા આશિષભાઇ શાહનાઓ રૂબરૂ પંચનામાની વિગતે કબજે લીધેલ અને તેઓ આંક – ૫૩ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે તથા આંક – ૩૯ થી ૪૬ વાળા કુલ – ૮ દસ્તાવેજો જોઇને સદર દસ્તાવેજો ફરીયાદીએ પંચો રૂબરૂ તેઓ સમક્ષ રજુ કરેલ તે જ દસ્તાવેજો હોવાનું જણાવેલ છે તથા તે તમામ દસ્તાવેજોની પાછળ પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું તથા તે ઓળખતા હોવાનું જણાવેલ છે અને તે તમામ દસ્તાવેજો તેઓએ તપાસના કામે કબજે લીધેલ તે જ હોવાનું જણાવેલ છે અને વધુમાં જણાવેલ છે કે ગુનાના કામે સાહેદ નામે સંગ્રામસિંહ છત્રસિંહનું નિવેદન તેના લખાવ્યા મુજબ નોંધી લીધેલ અને ગુનાના કામે નાસતો ફરતો આરોપી નામે ફરાઇમ ઉર્ફે ઐયુબ અબ્દુલ ગની પાતળીયા પકડાતા તેની શરીર સ્થિતિનું પંચનામુ તથા અંગજડતીનું પંચનામુ બે પંચો નામે અબ્દુલ હક્ક ઈબ્રાહીમ સમોલ તથા અશરફ હુસેન ચાંદાનાઓ રૂબરૂ કરેલુ અને તેઓ આંક – ૭૪ વાળા પંચનામામાં પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે તથા પંચનામામાં પંચોએ તેઓની હાજરીમાં સહીઓ કરેલ હોવાનું જણાવે છે અને <u>સમગ્ર તપાસના અંતે દસ્તાવેજી પુરાવાના આધારે તેઓને જણાયેલ કે આરોપી ફરાઇમ ઉર્ફે ઐયુબ અબ્દુલ ગની પાતળીયાનાઓ ધોરણ – ૧૦ ની પરીક્ષા વારંવાર નાપાસ થતા અને તેઓને ડ્રાયવીંગ લાયસન્સ મેળવવાનું હોય, જેથી જુલાઇ–૨૦૧૩ ની પુરક પરીક્ષામાં પોતાની બદલીમાં ડમી ઉમેદવાર નામે મોહમંદ રફીક અહેમદ દેડકીને હાજર રાખી પરીક્ષામાં બેસાડેલ હોવાનું જણાઇ આવેલ</u> અને

આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા જણાઇ આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું અને તેઓ આરોપીઓને જોયેથી ઓળખતા હોવાનું જણાવે છે.

**(૩૧)** સદર તપાસ કરનાર અમલદારની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તમોએ આંક-૪૦ વાળી હોલ ટીકીટ તેમજ આંક-૩૯ વાળી રીસીપ્ટની ચકાસણી માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, વડોદરા ખાતે જઇને તપાસ કરેલ નહી? તેવા સવાલના જવાબમાં તેઓ જણાવે છે કે, હોલ ટીકીટ અને રીસીપ્ટ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, વડોદરાના પ્રતિનિધિ દ્વારા રોજકામ સાથે રજુ કરેલ છે, જેથી તેઓએ ખરાઇ કરેલ નથી અને ફરીયાદી બપોરે ૨.૦૦ વાગ્યે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવવા માટે આવેલ હોય અને તેમને સાંજે ૬.૦૦ વાગ્યા સુધી બેસાડેલ હોય તેવી હકીકત તમારી તપાસમાં ખુલેલી? તેવા સવાલના જવાબમાં તેઓ ના જણાવે છે.

**(૩૨)** સદર તપાસ કરનાર અમલદારની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, ગુનાની સંપુર્ણ તપાસ તેમણે કરેલી અને હાલનો કેસ દસ્તાવેજી પુરાવાને આધારીત કેસ છે અને તેમની તપાસમાં ખોટી રીસીપ્ટના આધારે વિદ્યાર્થીએ પરીક્ષાનું રીઝલ્ટ મેળવેલ હોવાની હકીકત ખુલેલ નહી અને તેમની તપાસ દરમ્યાન તેમણે આરોપીની સહીના નમુના લીધેલ નહી અને આ કામે આંક - ૩૯ વાળી રીસીપ્ટને કે રીસીપ્ટ પર ચોંટાડેલા ફોટોગ્રાફને તેઓએ એફ.એસ.એલ. માં પરીક્ષણ માટે મોકલેલ નહી અને આ કામે આંક - ૪૦ વાળી હોલ ટીકીટમાં પાછળથી નવો ફોટો ચોંટાડીને ઝેરોક્ષ કરેલ હોવા બાબતે આ હોલ ટીકીટને તેઓએ એફ.એસ.એલ. માં પરીક્ષણ માટે મોકલેલ નહી અને તેઓએ આ કામે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, વડોદરા ના કોઇ અધિકારીના નિવેદન લીધેલ નથી અને આંક - ૪૪ વાળી ઓ.એમ.આર. શીટમાં આરોપી નં. ૧ ના હસ્તાક્ષરની ચકાસણી માટે એફ.એસ.એલ. માં મોકલેલ નહી અને બનાવના દિવસે ફરીયાદી સ્થળ સંચાલક તરીકે ફરજ પર હાજર હોય તેવું દર્શાવતો ઉપરી અધિકારીનો હુકમ

ફરીયાદીએ ફરીયાદ સાથે કે તપાસના કામે રજુ કરેલ નહી અને ફરીયાદીને ફરીયાદ દાખલ કરવા માટે શિક્ષણ વિભાગ તરફથી સત્તા આપતો પત્ર ફરીયાદ કરતી વખતે કે તપાસના કામે રજુ કરેલ નહી અને ફરીયાદીએ આંક – ૩૯ થી ૪૬ વાળા દસ્તાવેજો ફરીયાદ સાથે રજુ કરેલા નહી અને આંક – ૪૩ વાળી અરજી સુથાર કૃણાલ રમેશભાઈએ તેમના પોલીસ સ્ટેશનમાં આપેલ નથી અને તેમની તપાસ દરમ્યાન બનાવ વખતે પરીક્ષાનો સમય ૧૦.૩૦ થી ૧.૩૦ નો હોવાની હકીકત ખુલેલી અને હાલની ફરીયાદવાળો બનાવ સવારે ૧૦.૩૦ વાગ્યે બનેલો અને ફરીયાદ સાંજે ૬.૦૦ વાગ્યે આપેલી અને હાલની ફરીયાદ મોડી આપવાનું કોઈ કારણ ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ નહી અને ફરીયાદી તેમજ અન્ય સરકારી સાહેદો બનાવના દિવસે હાલોલ વી.એમ.સ્કુલ પર ફરજ પર હાજર હોય તે અંગેના કોઈ દસ્તાવેજી આધાર પુરાવા તેઓએ તપાસના કામે મેળવેલ નહી અને ફરીયાદીએ શરૂઆતમાં રીસીપ્ટ ચેક કરેલ હોય કે ખંડનિરીક્ષક તરીકે કામગીરી કરી હોય કે ફરીયાદીએ આરોપીને ડમી વિદ્યાર્થી તરીકે પકડેલ હોય તેવી કોઈ હકીકત તેમની તપાસમાં ખુલેલી નહી અને આરોપીએ ફરીયાદીની સમક્ષ ગુનાની કબુલાત કરેલ હોય તેવી હકીકત ફરીયાદીએ ફરીયાદમાં કે વિશેષ નિવેદનમાં જણાવેલ નહી અને આંક – ૩૯ થી ૪૬ વાળા દસ્તાવેજો તેમની હાજરીમાં મેળવીને તપાસના કામે સામેલ રાખેલ નથી અને વી.એમ.શાહ સ્કુલના બ્લોક નં. ૧૭ માં બનાવ સમયના સી.સી.ટી.વી. ના ફુટેજ મેળવી તપાસના કામે સામેલ રાખેલ નહી અને આરોપીઓએ કઈ જગ્યાએ ખોટા દસ્તાવેજો બનાવેલા અને કઈ જગ્યાએથી ઝેરોક્ષ રીસીપ્ટ કરાવેલી તે અંગેના કોઈ આધાર પુરાવા તેઓએ તપાસના કામે મેળવેલ નહી અને આરોપીઓ પાસેથી બેઠક નં. બી–૬૧૧૩૭૬ ની અસલ હોલ ટીકીટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ નહી અને ફરીયાદીએ ફરીયાદમાં કે વિશેષ નિવેદનમાં એવી હકીકત લખાવેલ નહી કે " ૧૦.૪૩ કલાકે બોર્ડની ઓનલાઈન વેબસાઈટ ઉપરથી રીસીપ્ટ કાઢી અને બંને રીસીપ્ટના ફોટા મેચ થયેલા નહી". અને તે સિવાય સાહેદનાઓએ તેમને પુછવામાં આવેલ અન્ય હકીકતોનો ઈનકાર કરેલ છે.

(૩૩) સદર કામે ફરીયાદપક્ષ તર્ફે આંક – ૮૫ થી સાહેદ કનુભાઇ હેમાભાઇ બારીયાને તપાસવામાં આવેલ છે જેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા. ૧૧/૦૭/૨૦૧૩ ના રોજ હાલોલ પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા, દરમ્યાન ફરીયાદીશ્રી મયુરભાઇ પારેખનાઓએ પી.એસ.આઇ. શ્રી મંડોરા સાહેબનાઓ રૂબરૂ ફરીયાદ આપેલ કે વી.એમ.સ્કુલમાં ગુજરાત બોર્ડની પરીક્ષા ચાલુ હતી તે દરમ્યાન ફરીયાદીએ ચેક કરતા એક વિધાર્થીની રીસીપ્ટ ડુપ્લીકેટ હોવાની શંકા જતા તેઓએ આચાર્યને જાણ કરેલી અને તપાસ કરતા ડમી વિધાર્થી જણાઇ આવેલો, તે બાબતની વિગતવારની ફરીયાદ ફરીયાદીએ પી.એસ. આઇ રૂબરૂ આપતા, તે ફરીયાદ પી.એસ.આઇ.શ્રીએ તેઓ તરફ મોકલતા તેઓએ હાલોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ૧૪૫/૨૦૧૩, ઇ.પી.કોડની કલમ – ૪૬૫, ૪૭૧ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ પી.એસ.આઇ. શ્રી એમ.બી.વાછાણી સાહેબને સોંપેલી અને તેઓ તા. ૧૧/૦૭/૨૦૧૩ ના રોજના અસલ ડેપ્યુટ હુકમ જોઇને તે તેઓએ ગુનાની તપાસ વાછાણી સાહેબને સોપેલી તે અંગેનો હુકમ હોવાની તથા તેમાં તેઓની સહી હોવાનું જણાવી સહી ઓળખી બતાવે છે.

(૩૪) સદર સાહેદની આરોપીઓના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, હાલની ફરીયાદ આપી તે અગાઉ ફરીયાદીએ આ ગુના સંબંધી કોઇ અરજી તેઓ સમક્ષ આપેલ નહી અને તેઓએ આ કામે ફરીયાદીની લેખિત ફરીયાદ નોંધ્યાની અને તપાસ સોંપ્યા સિવાયની બીજી કોઇ કામગીરી કરેલ નથી અને તે સિવાય સાહેદનાઓએ તેમને પુછવામાં આવેલ અન્ય હકીકતોનો ઇનકાર કરેલ છે.

(૩૫) સદર કામે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે આરોપી મહંમદ રફીક એહમદ દેડકીનાઓ તા. ૧૧/૦૭/૨૦૧૩ ના રોજ ધોરણ – ૧૦ ની પુરક પરીક્ષામાં આરોપી ફરાઇમ પાતળીયાના બદલે ડમી વિદ્યાર્થી તરીકે ગયેલ અને તેઓએ તે પરીક્ષા આપવા માટે આરોપી ફરાઇમ પાતળીયાની રીસીપ્ટ કે જેનો બેઠક નં. ૬૧૧૩૭૬ હતો અને બ્લોક નં. ૧૭ હતો અને પરીક્ષાનું સ્થળ વી.એમ.શાહ સ્કુલ, હાલોલ હતું, તે

રીસીપ્ટ પર આરોપી ફરાઇમ પાતળીયાના ફોટાના સ્થાને પોતાના ફોટાવાળી રીસીપ્ટનો ઉપયોગ કરીને ખોટા દસ્તાવેજનો સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ એકબીજાની મદદગારીથી કરેલ છે અને સદર રીસીપ્ટ પર આરોપી મહંમદ રફીક એહમદ દ્વારા આરોપી ફરાઇમ પાતળીયાના ફોટાના સ્થાને પોતાનો ફોટો ચોંટાડી ખોટો દસ્તાવેજ બનાવેલ છે અને તે કૃત્યમાં એકબીજાની મદદગારી કરેલ છે. હાલના કામે આરોપીપક્ષ દ્વારા આરોપી ફરાઇમ પાતળીયાનાઓએ સને ૨૦૧૩ ની જુલાઇ માસ માટે પુરક પરીક્ષા માટે ફોર્મ નહી ભરેલ હોવાની કે તેઓ જાતે વી.એમ.શાહ સ્કુલ ખાતે બ્લોક નં. ૧૭ માં બેઠક નં. ૬૧૧૩૭૬ પર ગુજરાતીનું પેપર આપવા ગયેલ તેવો કોઇ બચાવ લેવામાં આવેલ નથી. હાલના કામે આરોપીઓનું વધારાનું નિવેદન વંચાણે લેતા આરોપીઓએ માત્ર ફરીયાદપક્ષના પુરાવામાં રહેલ ત્રુટીઓ પર આધાર રાખેલ છે અને આરોપી ફરાઇમ પાતળીયા દ્વારા પણ પોતાના વધારાના નિવેદનમાં તેઓ ડમી વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપવા ગયેલ નહી તેમ જણાવી રીઝલ્ટ મેળવેલ નથી અને અન્ય હકીકતો જણાવેલ છે. આમ, સદર કામે આરોપીઓના વધારાના નિવેદન મુજબ બંને આરોપીઓએ તેઓ તા. ૧૧/૦૭/૨૦૧૩ ના રોજ ગુજરાતીની પરીક્ષા આપવા વી.એમ.શાહ સ્કુલ, હાલોલમાં ગયેલ નહી તેવો બચાવ લેવામાં આવેલ છે જેથી બનાવ સ્થળે હાજર નહી હોવાનો આરોપી મહંમદ રફીક એહમદ દેડકીનો મુખ્ય બચાવ ગણી શકાય. જે ધ્યાને લેતા આરોપીએ alibi નો બચાવ લીધેલ છે, જે ભારતીય પુરાવા અધિનિયમની કલમ – ૧૧ મુજબ હોય તે હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે. વધુમાં આરોપી ફરાઇમ પાતળીયાએ પણ પોતે બનાવના દિવસે પરીક્ષા આપવા ગયેલ નહી તેવું જણાવેલ છે. જેથી આરોપીના વધારાના નિવેદનના આધારે બનાવના દિવસે આરોપી ફરાઇમ પાતળીયા ગુજરાતીની પરીક્ષા આપવા ગયેલ નહી હોવાની હકીકત નહી માનવાને કોઇ કારણ નથી. સદર કામે આરોપીઓ તર્ફે તેઓ બનાવ સમયે વી.એમ.શાહ સ્કુલમાં હાજર નહી હોવાની હકીકત બાબતે કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી આરોપી મહંમદ રફીક એહમદ દેડકી તર્ફે લેવામાં આવેલ એલીબીનો બચાવ આરોપી પુરવાર કરી શકેલ નથી. જેથી સદર કામે

આરોપી તર્ફે બનાવ સમયે સીસીટીવી ક્લાસરૂમમાં હોવાછતા તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા કબજે નહી લીધેલ હોવાની દલીલ ગ્રાહ્ય રાખવાપાત્ર નથી. વધુમાં જ્યારે આરોપી દ્વારા તેઓ બનાવ સમયે બનાવ સ્થળે હાજર નહી હોવાનો બચાવ લેવામાં આવે તો તેવા સંજોગોમાં આરોપી દ્વારા સદર હકીકત પુરવાર કરવા માટે સબળ પુરાવો રજુ કરવો જરૂરી છે અને તે પુરાવો ધ્યાને લેતા આરોપી બનાવ સ્થળે હાજર રહી શકે તેવી કોઇ શક્યતા જ નહી હોવાની હકીકત રેકર્ડ પર લાવવી જરૂરી છે. પરંતુ સદર કામે આરોપી તર્ફે તેવો કોઇ પુરાવો આ કામે રજુ કરવામાં આવેલ નથી અને માત્ર વધારાના નિવેદનમાં તેઓ બનાવ સમયે પરીક્ષા આપવા ડમી વિદ્યાર્થી તરીકે નહી ગયેલ હોવાનું માત્ર બચાવ લીધેલ છે જે પુરાવાના અભાવે ગ્રાહ્ય રાખવાપાત્ર નથી.

**(૩૬)** હાલના કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા ફરીયાદપક્ષ દ્વારા ફરીયાદી બનાવ સમયે વી.એમ.શાહ સ્કુલ, હાલોલ ખાતે કેન્દ્ર સંચાલક તરીકેની ફરજ બજાવતા હોવાની હકીકત પુરવાર થાય છે અને તેથી આરોપી તર્ફે ફરીયાદ આપવા માટે સત્તા આપતો પત્ર ફરીયાદીએ રજુ કરેલ નહી હોવાનો જે બચાવ લીધેલ છે તે ગ્રાહ્ય રાખવાપાત્ર નથી. સદર કામે આરોપીઓ સામેના આક્ષેપો ધ્યાને લેતા સદર ગુનો દસ્તાવેજો પર આધારિત છે, જેથી સદર કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો મહત્ત્વના ગણી શકાય. હાલના કામે ફરીયાદપક્ષ દ્વારા આંક – ૩૯ થી આરોપી મહંમદ રફીક એહમદ દેડકીના ફોટાવાળી જુલાઇ, ૨૦૧૩ માં પુરક પરીક્ષા અંગેની રીસીપ્ટ રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લેતા સદર દસ્તાવેજ અનુસાર પરીક્ષાર્થી તરીકે આરોપી ફરાઇમનું નામ હોવાછતા અને નિયમ મુજબ આરોપી ફરાઇમનો ફોટો લગાવવાનો હોવાછતા આરોપી મહંમદ રફીક એહમદ દેડકીનો ફોટો લગાડેલ રીસીપ્ટનો ઉપયોગ આરોપી દ્વારા કરવામાં આવેલ અને તે રીસીપ્ટના આધારે આરોપી મહંમદ રફીક એહમદ દેડકી પરીક્ષા આપવા ગયેલ હોય તેવા સંજોગોમાં આરોપીઓ દ્વારા ખોટા દસ્તાવેજનો ઉપયોગ કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષના સાહેદોની જુબાનીથી પુરવાર થાય છે. સદર કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ આંક – ૪૦ વાળી આરોપી ફરાઇમ પાતળીયાના નામની

રીસીપ્ટ વંચાણે લેતા પરીક્ષાર્થી તરીકે આરોપી ફરાઇમ પાતળીયાએ વી.એમ.શાહ સ્કુલમાં જવાનું હતું અને તેઓ ગયેલ નથી તેવી હકીકત આરોપીએ પોતાના વધારાના નિવેદનમાં જણાવેલ હોય તેવા સંજોગોમાં સદર દસ્તાવેજ તથા સાહેદોની જુબાનીથી આરોપી ફરાઇમની જગ્યાએ આરોપી મહંમદ રફીક એહમદ દેડકી ગયેલ હોવાની હકીકત પણ ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરવામાં સફળ રહેલ છે. સદર કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ આંક – ૪૧ વાળું ગેરરીતિ અંગે ભરવામાં આવતા ફોર્મ નં. ૪(અ) અને ફોર્મ નં. ૪(બ) વંચાણે લેતા તે તા. ૧૧/૦૭/૨૦૧૩ ના રોજનું છે અને તેમાં લખેલ વિગતો મુજબ આરોપી મહમંદ રફીક એહમદ દેડકી આરોપી ફરાઇમ પાતળીયાની જગ્યાએ ડમી વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપવા ગયેલ હોવાનું નિઃશંકપણે સાબિત થાય છે. સદર આંક – ૪૧ થી રજુ ફોર્મ – ૪(અ) માં આરોપી મહંમદ રફીક એહમદ દેડકીનાઓએ પોતે ફરાઇમ પાતળીયાની જગ્યાએ ગુજરાતીનું પેપર આપવા માટે આવેલ હોવાનું પોતાના હસ્તાક્ષરમાં જણાવી ખંડ નિરીક્ષક કૃણાલકુમાર સુથારની હાજરીમાં સહી કરેલ હોવાનું ફરીયાદપક્ષ સાહેદોની જુબાનીથી તથા સદર દસ્તાવેજના આધારે નિઃશંકપણે પુરવાર થાય છે.

**(૩૭)** આંક – ૪૧ મુજબનું જ આરોપી મહંમદ રફીક એહમદ દેડકીનાઓએ આંક – ૪૨ વાળું કબુલાતનામું આપેલ છે અને તેમાં પણ તેઓ આરોપી ફરાઇમ પાતળીયાના જગ્યાએ પરીક્ષા આપવા આવેલ હોવાનું કબુલ કરેલ છે. સદર કબુલાતનામું આરોપી મહંમદ રફીક એહમદ દેડકીનાઓએ સ્વેચ્છાએ તા. ૧૧/૦૭/૨૦૧૩ ના રોજ કેન્દ્ર સંચાલક તરીકે સ્થળ પર હાજર ફરીયાદીને લખી આપેલ છે અને તે અંગેની હકીકત ફરીયાદીએ તથા સાહેદ કૃણાલભાઇએ તથા પંચ સાહેદ આશિષકુમાર શાહ નાઓએ પણ પોતાની જુબાનીમાં જણાવી નિઃશંકપણે પુરવાર કરેલ છે અને તેથી સદર કામે આરોપી તર્ફે દસ્તાવેજો ક્યાં કબજે લેવામાં આવેલ તે દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. સદર નિવેદનને extra judicial confession તરીકે ગણી તે આધારે આરોપીઓને દોષિત ઠરાવવા બાબતે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક રજુઆત છે અને તે અનુસંધાને આરોપીઓ તર્ફે

નામદાર ગુજરાત હાઈકોર્ટના કણબી પટેલ પ્રતાપરાય ભગવાનજી વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૯૫ લોસુટ(ગુજ) ૧૦૬ વાળા ચુકાદા પર આધાર રાખેલ છે. જે વંચાણે લેતા તેમાં extra judicial confession કોણે ગણી શકાય અને કેવા સંજોગોમાં તે પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેની વિસ્તૃત ચર્ચા કરેલ છે અને તે ચુકાદામાં સપ્લાય ઈન્સપેક્ટર રૂબરૂ આપેલ કબુલાતનામું ગ્રાહ્ય રાખીને આરોપીને કરેલ સજાનો હુકમ કાયમ રાખવામાં આવેલ છે, જેથી સદર ચુકાદો આરોપીને હાલના કેસમાં મદદરૂપ થતો નથી. વધુમાં સદર કામે આરોપીઓ તર્ફે અન્ય ચુકાદો નુરમહંમદ હસનભાઈ શેખ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૯૮ લોસુટ(ગુજ) ૩૧૫ વાળા ચુકાદા પર આધાર રાખવામાં આવેલ છે. જે વંચાણે લેતા તે ચુકાદામાં પણ સપ્લાય ઈન્સપેક્ટર રૂબરૂ આપેલ કબુલાતનામું ગ્રાહ્ય રાખીને આરોપીને કરેલ સજાનો હુકમ કાયમ રાખવામાં આવેલ છે, જેથી સદર ચુકાદો આરોપીને હાલના કેસમાં મદદરૂપ થતો નથી. ઉપરોક્ત બંને ચુકાદાઓમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા જ્યારે કોઈ સક્ષમ અધિકારીશ્રી દ્વારા ફરજ દરમ્યાન કોઈ કાર્યવાહી કરેલ હોય અને તે દરમ્યાન આરોપીએ સ્વેચ્છાએ કબુલાતનામું આપેલ હોય અને તે કબુલાતનામાને સાહેદોની જુબાનીથી તથા કેસના સંજોગોના આધારે સમર્થન મળતું હોય તેવા સંજોગોમાં તે કબુલાતનામાના આધારે આરોપીને સજા કરી શકાય તેવું સ્પષ્ટપણે ઠરાવેલ છે. હાલના કામે આરોપી મહંમદ રફીક એહમદ દેડકીની કબુલાત સંદર્ભે અત્રેની અદાલત નામ. સુપ્રિમ કોર્ટનો કિશોરચંદ વિરૂદ્ધ સ્ટેટ ઓફ હિમાચાલ પ્રદેશ, (૧૯૯૦) એ.આઈ.આર. ૨૧૪૦ વાળો ચુકાદો વંચાણે લેવો જરૂરી માને છે જેમાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

“An unambiguous extra judicial confession possesses high probative value force as it emanates from the person who committed the crime and is admissible in evidence provided it is free from suspicion and suggestion of its falsity. But in the process of the proof of the alleged confession the court has to be satisfied that it is a voluntary one and does not appear to be the result of inducement, threat or promise envisaged under section 24 of the Evidence Act or was brought about in suspicious circumstances to circumvent Section 25 and 26 the Evidence Act. Therefore, the court has to look into the surrounding

circumstances and to find whether the extra judicial confession is not inspired by any improper or collateral consideration or circumvention of the law suggesting that it may not be true one. For this purpose the court must scrutinies all the relevant facts such as the person to whom the confession is made, the time and place of making it, the circumstances in which it was made and finally the actual words used by the accused. Extra judicial confession if found to be voluntary, can be relied upon by the court along with other evidence on record.”

આમ, ઉપરોક્ત ચુકાદો વંચાણે લેતા જ્યારે એક્સટ્રા જ્યુડીશીયલ કબુલાત સ્પષ્ટ હોય તો તેની પ્રમાણિકતા વધારે હોય અને તે કબુલાત જે વ્યક્તિએ ગુનો કરેલ છે તેના તરફથી આવેલ હોય અને શંકાથી પર હોય તો તે કબુલાત પુરાવામાં ગ્રાહ્ય છે. પરંતુ તે કબુલાત અંગે કોર્ટ દ્વારા એ હકીકત ચકાસવાની રહે છે કે સદર કબુલાત સ્વૈચ્છીક રીતે આપવામાં આવેલ હોવી જોઇએ અને કબુલાત કોઇ પ્રલોભન કે ધમકી કે વાયદા સાથે થવી જોઇએ નહી. સદર કબુલાત રેકર્ડ ઉપર લેતા સમયે કોર્ટ દ્વારા  કબુલાત આપતી વખતે આજુબાજુના સંયોગો ધ્યાને લઇ સદર કબુલાત સાચી છે કે કેમ તે નક્કી કરવું જોઇએ તેમજ કયા સમયમાં, કઇ જગ્યા અને કયા સંજોગોમાં કબુલાત કરવામાં આવે છે અને કબુલાત આપતા સમયે જે શબ્દો વાપરવામાં આવેલ છે તે ધ્યાને લઇ સદર કબુલાત સ્વૈચ્છીક હોય તે કબુલાત બીજા રજુ થયેલ પુરાવા સાથે ધ્યાને રાખી પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય. આ કામના ફરીયાદીએ તેમની રૂબરૂ આરોપીએ કબુલાત લખી આપેલ તેવી હકીકત જણાવેલ છે અને તે કબુલાત સંદર્ભે બચાવપક્ષના વિ.વ.શ્રી. દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં કબુલાતનામાની નીચે તેમની સહી નીચે સમય લખેલ નથી તથા આરોપીએ કબુલાતનામામાં જે કોઇ હકીકત લખાવેલી તે હકીકતો શબ્દસહ ફરીયાદમાં કે વિશેષ નિવેદનમાં લખાવેલ નથી તેવો પ્રશ્ન કરેલ છે તથા ખોટા પુરવા ઊભા કરેલ હોવાનો બચાવ લીધેલ છે જેનો ફરીયાદીએ ઇનકાર કરેલ છે. સદર કામે આંક – ૪૧ માં આરોપીના લખેલ અક્ષરો તથા આંક – ૪૨ વાળા કબુલાતનામાના અક્ષરો એક જ હોવાનું જણાઇ આવે છે. વધુમાં સદર કબુલાત સંદર્ભે આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં અન્ય કોઇ હકીકતો પુછવામાં આવેલ નથી. જેથી આરોપીની

સદર કબુલાત કયા સંજોગોમાં અને કયા કારણસર આરોપીએ ફરીયાદીને લખી આપેલ તે અંગે કોઈ ઉલટતપાસ બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ નથી તેમજ સદર કબુલાતમાં આરોપીને દબાણમાં લાવી કે કોઈ પ્રલોભન આપી સહી કરાવેલ હોય તો તે અંગે પણ કોઈ સવાલ બચાવપક્ષ દ્વારા પુછવામાં આવેલ નથી તેમજ આરોપીનું સી.આર.પી.સી. કલમ – ૩૧૩ હેઠળ જે વિશેષ નિવેદન લેવામાં આવેલ છે તેમાં આરોપીએ સદર કબુલાતનામાની હકીકત અંગે તથા કબુલાતનામું માત્ર ખોટું હોવાનું જણાવેલ છે અને તેઓએ કોઈ લખાણ કે કબુલાત કરેલ નથી તેમ જણાવેલ છે. સદર કામે આ કામના ફરીયાદી વી.એમ.શાહ સ્કુલમાં ધોરણ – ૧૦ ની બોર્ડની પુરક પરીક્ષાના કેન્દ્ર સંચાલક હતા અને કૃણાલભાઈ સુથાર બ્લોક નં. ૧૭ ના ખંડ નિરીક્ષક હતા તે હકીકત સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે. સદર કામે આંક – ૪૨ વાળું કબુલાતનામું આરોપી મહંમદ રફીક એહમદ દેડકીનાઓએ ફરીયાદીની હાજરીમાં આપેલ છે અને ફરીયાદી એક શિક્ષક તરીકે પરીક્ષા કેન્દ્રના સંચાલક હોય તેવા સંજોગોમાં આરોપીને કોઈપણ પ્રકારનું દબાણ કરેલ હોય કે કોઈ પ્રલોભન આપેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી ન હોય તથા આરોપી તર્ફે એવો કોઈ બચાવ પણ લેવામાં આવેલ ન હોય અને માત્ર કબુલાતનામું આપેલ નથી તેવું જાહેર કરેલ હોય અને સદર હકીકતને ફરીયાદપક્ષ તર્ફે રજુ કરેલ અન્ય દસ્તાવેજી પુરાવા તથા સાહેદોની જુબાનીથી સમર્થન મળતું હોય તેવા સંજોગોમાં આરોપી મહંમદ રફીક એહમદ દેડકીનાઓએ આપેલ કબુલાતનામા પર આધાર રાખી શકાય તેમ છે અને તેને extra judicial confession તરીકે ગણવાની વિ.એ.પી.પી.શ્રીની રજુઆત ગ્રાહ્ય રાખવાપાત્ર જણાય છે.

(૩૮) સદર કામે આરોપીઓ તર્ફે પોતાના વધારાના નિવેદનમાં એવો બચાવ લેવામાં આવેલ છે કે, આરોપીઓએ પરીક્ષા આપી તેનું રીઝલ્ટ મેળવેલ હોય તેવું બનેલ નથી. જે દલીલ તથા બચાવ ગ્રાહ્ય રાખવાપાત્ર નથી. કારણ કે આરોપીઓ દ્વારા રીસીપ્ટ પર અન્ય આરોપીનો ફોટો ચોંટાડીને પરીક્ષા આપવા ગયેલાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ

છે. જેથી આરોપી દ્વારા ખોટો દસ્તાવેજ બનાવીને તેનો ઉપયોગ કરી પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ મેળવેલ હોય તેવા સંજોગોમાં આરોપીએ ખોટા દસ્તાવેજનો ઉપયોગ કરીને લાભ લઈ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરી લીધેલ હતો. જેથી રીઝલ્ટ મેળવ્યું કે નહી તે હકીકત અસર કરતી નથી. સદર તારણ બાબતે અત્રેની અદાલત સદર તારણ બાબતે અત્રેની અદાલત નામદાર સિક્કીમ હાઈકોર્ટના Kashikant Jha Vs. State of Sikkim, Cr.Rev.P.No.01 of 2015, Dt: 20/06/2016 વાળા ચુકાદા પર આધાર રાખે છે જેમાં નામદાર સિક્કીમ હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

"30. It is eloquent from the afore stated judicial pronouncements that the basic ingredients to satisfy the definition of "forgery" is not that actual gain is to be made or loss be caused to the public or any person. The basic requirement is an intention which may be derived from the conduct of the accused and also from other evidences. Plain reading of the definition of the "forgery" as enshrined under Section 463 of the Indian Penal Code (for short "I.P.C.") makes it clear that making of any false documents with intent to cause damage or injury or to any person with intent to commit fraud amongst, committing her forgery, is essential requirement.

31. It is apt to refer to an observation of the Supreme Court in State of W.B. vs. Mir Mohammad Omar and Ors,1 (Supra) which reads as under:

"31. The pristine rule that the burden of proof is on the prosecution to prove the guilt of the accused should not be taken as a fossilized doctrine as though it admits no process of intelligent reasoning. The doctrine of presumption is not alien to the above rule, nor would it impair the temper of the rule. On the other hand, if the traditional rule relating to burden of proof of the prosecution is allowed to be wrapped in pedantic coverage, the offenders in serious offences would be the major beneficiaries and the society would be the casualty.

32. In this case, when the prosecution succeeded in establishing the afore-narrated circumstances, the court has to presume the existence of certain facts. Presumption is a course recognized by the law for the court to rely on in condition such as this."

32. In the case on hand, the documents (Exhibits P-6 to P-9) were created by the convict with intention, knowing fully well that the said documents may facilitate the person concerned to obtain some benefit and cause fraud on the person and authority. Commission of an offence of fraud is not necessary. <u>Thus, even if the documents could not be</u>

delivered or payment could not be received and the same was not used for any purpose, the forgery stands committed.
33. Accordingly, the entire acts come within the definition of "forgery". Once forgery is committed, the convict/petitioner is liable to be convicted under provisions of Section 465 of IPC. As a sequel, I have no hesitation to hold that the impugned judgment rendered by the Appellate Judge is just, proper and lawful.”

આમ, ઉપરોક્ત ચુકાદા મુજબ હાલના કેસમાં પણ આરોપીએ આંક – ૪૨ વાળું કબુલાતનામું આપી તેણે આરોપી ફરાઇમના ફોટાની જગ્યાએ પોતાનો ફોટો લગાવી રીસીપ્ટની ઝેરોક્ષ કરાવી તે ઝેરોક્ષના આધારે પરીક્ષા આપવા આવેલ હોવાનું જણાવેલ હોય તથા તે હકીકતને ફરીયાદપક્ષના અન્ય સાહેદોની જુબાનીથી તથા રજુ દસ્તાવેજોથી સમર્થન મળતું હોય તેવા સંજોગોમાં આરોપીઓનો ઇરાદો સ્પષ્ટ થતો હોય માત્ર રીઝલ્ટ મેળવેલ નહી હોવાના કારણે આરોપી સામેનો ગુનો સાબિત થતો નથી તેવું માની શકાય નહી અને આરોપીઓ તર્ફે કરેલ સદર દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૩૯) સદર કામે આરોપીઓ તર્ફે ફરીયાદ મોડી આપ્યા હોવા બાબતે સાહેદોની ઉલટતપાસમાં બચાવ લેવામાં આવેલ છે. પરંતુ સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો વંચાણે લેતા આરોપી દ્વારા બોર્ડ પરીક્ષા દરમ્યાન ગેરરીતિ આચરેલ હોય અને અન્ય વિદ્યાર્થીની જગ્યાએ પોતે પરીક્ષા આપવા ગયેલ હોય તેવા સંજોગોમાં તેની યોગ્ય પુછપરછ કરીને પ્રાથમિક તપાસ કરવામાં આવે તે સ્વાભાવિક છે અને તેના કારણે અન્ય વિદ્યાર્થીઓને પરીક્ષા દરમ્યાન અંતરાય થાય તેવી કોઇ કાર્યવાહી ન કરવામાં આવે અને પરીક્ષા પુર્ણ થયા બાદ તમામ કાર્યવાહી કર્યા બાદ જ ફરીયાદ આપવામાં આવે તે સહજ હોય તેવા સંજોગોમાં ફરીયાદ દાખલ કરવામાં થયેલ ડીલે ક્ષમ્ય હોવાનું માનવાને કારણ છે. વધુમાં ફરીયાદીએ પોતાની જુબાનીમાં તેઓ આંક – ૪૭ વાળી ફરીયાદ પરીક્ષા પુર્ણ થયા બાદ દોઢ વાગે આપેલ હોવાનું જણાવેલ છે. જેથી ગુનાની જાહેરાત સમયસર થઇ ગયેલ હોવાનું માનવાને કારણ છે. જેથી પણ ગુનો રજીસ્ટર કરવામાં થયેલ ડીલે આરોપીઓને મદદરૂપ થતી નથી. હાલના કામે આરોપીઓ તર્ફે કબુલાતનામું તથા ઓ.એમ.આર. શીટ એફ.એસ.એલ.માં મોકલેલ નહી હોવાથી આરોપીઓ સામેનો ગુનો સાબિત

કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે. સદર કામે ફરીયાદીની કેપેસીટી એક કેન્દ્ર સંચાલક તરીકેની હતી અને તેઓની જુબાની તેઓએ ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી મુજબ આપેલ હોય તથા તેઓને આરોપીઓ સાથે કોઇ દ્વેષભાવ હોવાનું માનવાને કારણ ન હોય તથા સદર કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા તે પણ જે તે સમયે પરીક્ષાને લગતા નિયમો મુજબ કરેલ કાર્યવાહીના ભાગરૂપે જ તૈયાર કરવામાં આવેલ હોય અને તે દસ્તાવેજો નહી માનવાને કોઇ કારણ જણાઇ આવતું ન હોય તેવા સંજોગોમાં બનાવની હકીકતો ધ્યાને લેતા ફરીયાદીની જુબાની તથા રજુ કરેલ  કબુલાતનામું genuine હોય તેવા સંજોગોમાં તે દસ્તાવેજો એફ.એસ.એલ.માં મોકલેલ નહી હોવાના કારણ માત્રથી આરોપીઓ સામેનો ગુનો સાબિત થતો નથી તેવી આરોપીઓની દલીલ ગ્રાહ્ય રાખવાપાત્ર નથી. વધુમાં એફ.એસ.એલ. રીપોર્ટ માત્ર corroborative peice of evidence છે અને હાલના કામે ફરીયાદપક્ષ દ્ધારા રજુ દસ્તાવેજો તથા સાહેદોની જુબાનીથી પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરેલ હોય એફ.એસ.એલ. રીપોર્ટના અભાવને કારણે આરોપીઓને નિર્દોષ ઠરાવી શકાય નહી. સદર કામે આરોપીઓ તર્ફે ઝેરોક્ષ કરી આપનાર ઇસમ બાબતે કોઇ તપાસ કરેલ નથી કે તે ઇસમને આ કામે આરોપી તરીકે જોડેલ નથી તેવું જણાવી આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર થતા નથી તેવી દલીલ કરવામાં આવેલ છે અને તે અંગે ચુકાદો પણ રજુ કરવામાં આવેલ છે. પરંતુ સદર કામે આરોપીનું આંક – ૪૨ વાળું કબુલાતનામું ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ રહેલ હોય તેવા સંજોગોમાં આરોપીઓ તર્ફે કરવામાં સદર દલીલ કેસના સંજોગો ધ્યાને લેતા ગ્રાહ્ય રાખવાપાત્ર નથી.

(૪૦) આમ, સદર કામે ફરીયાદપક્ષ દ્ધારા રજુ કરેલ પુરાવાથી આરોપીઓએ તા. ૧૧/૦૭/૨૦૧૩ ના રોજ વી.એમ.શાહ સ્કુલમાં એસ.એસ.સી.ની પુરક પરીક્ષામાં ગુજરાતીનું પેપર આપવા આરોપી મહંમદ રફીક  એહમદ દેડકીનાઓએ આરોપી ફરાઇમ પાતળીયાની રીસીપ્ટ પરના ફોટા પર પોતાનો ફોટો લગાવી ઝેરોક્ષ કઢાવી ખોટો દસ્તાવેજ બનાવેલાની તથા તે ઝેરોક્ષ લઇને પરીક્ષા આપવા જઇ ખોટા દસ્તાવેજનો સાચા

તરીકે ઉપયોગ કરેલાની અને તેમાં આરોપી ફરાઇમ પાતળીયાએ મદદગારી કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે. તેથી મુદ્દા નંબર ૦૧ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં. ૦૨ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

**(૧)** આ કામના આરોપીઓ (૧) ફરાઇમ ઐયુબ અબ્દુલગની પાતળીયા રહે. મેદા પ્લોટ, અબુબકર મસ્જીદની સામે, ગોધરા, તા. ગોધરા, જી. પંચમહાલ તથા (૨) મહંમદ રફીક એહમદ દેડકી રહે. મેદા પ્લોટ, અબુબકર મસ્જીદની સામે, ગોધરા, તા. ગોધરા, જી. પંચમહાલનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૪૮(૨) અન્વયે ઇ.પી.કોડની કલમ – ૪૬૫, ૪૭૧ તથા ૧૧૪ મુજબના ગુના સબબ તક્સીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદર કામના આરોપીઓને ઇ.પી.કોડની કલમ – ૪૬૫, ૪૭૧ તથા ૧૧૪ મુજબના ગુના સબબ તક્સીરવાન ઠરાવવામાં આવેલ હોય સજા અંગે સાંભળવા હાલનું કામ મુલતવી કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૫ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૫/૦૩/૨૦૨૬

હાલોલ.

**(જેનીફર કાંતીલાલ ક્રિશ્ચિયન)**
**એડીશનલ ચીફ જ્યુડી. મેજી., હાલોલ.**
**Code GJ 01107**

**<u>આંક – ……..નું સાંધણ</u>**

**<u>સજા અંગે સાંભળ્યા.</u>**

(૧) સદર કામે આરોપીઓ તર્ફેની રજુઆત છે કે, સદર કામે અમોએ કહેવાતો ગુનો કરેલ નથી અને હાલના કામે અમોને ખોટી રીતે સંડોવી દીધેલ છે અને અમો કુટુંબકબીલા વાળા વ્યક્તિ હોઇએ તથા અમારા કુટુંબની જવાબદારી અમારા શિરે હોય તથા અમારા વિરૂદ્ધ હાલના કેસ સિવાય અન્ય કોઇ ગુનો નોંધાયેલ નથી તથા અમો સમાજના પ્રતિષ્ઠિત અને મોભેદાર વ્યક્તિ હોય તથા અમારી ઉંમર ધ્યાને લઇ ઓછી સજા કરવા તથા પ્રોબેશનનો લાભ આપવા રજુઆત કરેલ છે.

(૨) સદર કામે સજા બાબતે વિ.એ.પી.પી.શ્રી વી.ડી.ભટ્ટની રજુઆત છે કે, આરોપીઓ સામે કેસ નિઃશંકપણે પુરવાર થયેલ છે તથા આરોપીને પ્રોબેશનનો લાભ ગુન્હાની ગંભીરતા ધ્યાને લેતા આપી શકાય નહી અને સમાજમાં દાખલો બેસે તેવી કાયદામાં ઠરાવ્યા મુજબની મહત્તમ સજા તથા દંડ કરવા રજુઆત કરેલ છે. વધુમાં તેઓએ રજુઆત કરેલ છે કે સમાજમાં આવા પ્રકારના ગુનાનુ પ્રમાણ દિવસેને દિવસે વધતુ રહેલ છે જેથી સમાજમાં કાયદાનો ડર ઉભો થયા તે હેતુથી આરોપીઓને કાયદામાં ઠરાવ્યા મુજબની સજા કરવી યોગ્ય અને ન્યોયોચીત છે.

(૩) બંને પક્ષોની દલીલો તથા સદર કેસની હકીકતો જોતાં આરોપી સામે હાલનો ગુનો સને ૨૦૧૩ માં દાખલ થયેલ છે અને સદર ગુનામાં આરોપીઓએ પોતાના લાભ માટે બનાવટી દસ્તાવેજ બનાવી હાલનો ગુનો કરેલ હોય તેવા સંજોગોમાં આરોપીઓને પ્રોબેશનનો લાભ આપવો ન્યાયોચિત જણાતું નથી. વધુમાં આરોપીઓની ઉંમર તથા કેસમાં સજાની જોગવાઇ ધ્યાને લેતા તથા આરોપીઓની સામાજીક સ્થિતિ ધ્યાને લેતા તથા આરોપીઓ ટ્રાયલ દરમ્યાન નિયમિત કોર્ટ સમક્ષ હાજર રહેલ હોય આરોપીઓને કાયદામાં જણાવ્યા મુજબની મહત્તમ સજા કરવી ન્યોયોચિત જણાતું ન હોય સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

**(૧)** આ કામના આરોપીઓ (૧) ફરાઇમ ઐયુબ અબ્દુલગની પાતળીયા રહે. મેદા પ્લોટ, અબુબકર મસ્જીદની સામે, ગોધરા, તા. ગોધરા, જી. પંચમહાલ તથા (૨) મહંમદ રફીક એહમદ દેડકી રહે. મેદા પ્લોટ, અબુબકર મસ્જીદની સામે, ગોધરા, તા. ગોધરા, જી. પંચમહાલ ઇ.પી.કોડની કલમ – ૪૬૫ મુજબના ગુનામાં એક(૧) વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા ૫,૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર પુરાનો દંડનો હુકમ કરવામાં આવે છે. આરોપી સદર દંડની રકમ ના ભરે તો તેમને વધુ એક મહીનાની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**(૨)** આ કામના આરોપીઓને ઇ.પી.કોડની કલમ – ૪૭૧ મુજબના ગુનામાં એક (૧) વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા ૫,૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાનો દંડનો હુકમ કરવામાં આવે છે. આરોપી સદર દંડની રકમ ના ભરે તો તેમને વધુ એક મહીનાની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**(૫)** આરોપીએ ઉપરોક્ત તમામ સજા એકસાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૬)** સી.આર.પી.સી.કલમ – ૪૨૮ મુજબ આ કામના આરોપી જેટલો સમય જ્યુડીશીયલ કસ્ટડીમાં કે પોલીસ કસ્ટડીમાં રહેલ હોય તે સમય ઉપરોક્ત કરેલ સજામાંથી મજરે આપવાની રહેશે.

**(૭)** સી.આર.પી.સી. કલમ – ૩૬૩ મુજબ સદર હુકમની એક નકલ આરોપીઓને વિના મુલ્યે આપવી.

હુકમ આજરોજ તારીખ ૦૫ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી, જાહેર કર્યો.

તા. ૦૫/૦૩/૨૦૨૬

હાલોલ.

**(જેનીફર કાંતીલાલ ક્રિશ્ચિયન)**
**એડીશનલ ચીફ જ્યુડી. મેજી., હાલોલ.**
**Code GJ 01107**

**Self**